# ચોવીસ આયતોનો કુર્આની ભાવાર્થ


★ લેખક ★

હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (દિલ્હી)

★ અનુવાદક ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી



★ પ્રકાશક ★

અંજુમને રઝાએ મુસ્તફા

GRWB/059/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

પ્રત : ૩૩૦૦ | આવૃત્તિ–૧ | સપ્ટેમ્બર–૦૩

પ્રકાશન નં. : ૧૦૫ | હિ.સ. ૧૪૨૪


૬–રજબુલ મુરજ્જબ


પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો !


નૂરાની આર્ટ–દયાદરા, ફોન નં. (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨


## ☆ અનુક્રમણિકા ☆


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | પ્રાસ્તાવિક વાત..... | ૦૩ |
| ૦૨ | કુર્આન વિશે વર્ણન | ૧૧ |
| ૦૩ | કુર્આનની હિદાયત | ૧૨ |
| ૦૪ | ચોવીસ આયતોનો કુર્આની ભાવાર્થ | ૨૨ |
| ૦૫ | ઈસ્લામી જેહાદનો વાસ્તવિક ભાવાર્થ | ૫૪ |
| ૦૬ | ખુદાના માર્ગમાં જેહાદના કેટલાક પ્રકારોમાંના અમુક પ્રકારો | ૬૧ |

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# (પ્રાસ્તાવિક વાત....)

સદીઓ અગાઉ જ્યારે કે દુનિયામાં ગમે ત્યાં આવજા કરવાની, હરવા ફરવાની કોઈ પાંબદી ન હતી, જે માણસનું જ્યારે મન થઈ જાય હરવા ફરવાના માટે નીકળી જતો, જ્યાં ચાહતો વસવાટ કરી લેતો અને જ્યારે જીવ ચાહે પોતાના સફરનો સામાન બાંધી પોતાના મનગમતા પ્રદેશ કે શહેર અથવા અજાણ સ્થળ તરફ ચાલી જતો. જેમ કે આર્યો મોટી સંખ્યામાં એ જ રીતે હિંદુસ્તાનમાં આવ્યા અને અહીંના વાતાવરણમાં વસી ગયા એ સમયે આ દેશનો વિસ્તાર ખૂબ જ ફેલાયેલો હતો.

હુકમરાનો અને વિજય પામનારાઓનો પણ એ જ હાલ હતો કે પોતાની શક્તિ તથા બળના આધારે જે પ્રદેશને ચાહતા પોતાનો કરી લેતા, જે કૌમ તથા કબીલાને ચાહતા પોતાની હુકૂમત હેઠળ તથા તાબા હેઠળ કરી લેતા, અને જે બાદશાહ, રાજા, મહારાજા પર ચાહતા તેના પર તૂટી પડતા. વિ□ભરનો એ જ માહોલ હતો. ક્યાંય પણ કોઈ નીતિ નિયમ કે બંધારણ કે કોઈ કાયદો કાનૂન હતો નહીં. દેશ તથા રાજ્યોની સરહદો દિન રાત હેરફેર થતી રહેતી હતી. મધ્ય એશિયાથી પંજાબ થઈને ઘણા લશ્કરો અને કાફલા એ રીતે હિંદુસ્તાન આવીને અહીંની જમીનમાં પ્રવેશી ગયા.

વેપારીના રૂપમાં અંગ્રેજ પણ સદીઓ પહેલાં હિંદુસ્તાનમાં પ્રવેશ્યા અને સદીઓની મહેનત અને આયોજનો બાદ પોતાના મૂળ ધ્યેયમાં તેમને સફળતા મળી ગઈ. વેપારી સહૂલતને તેમણે રાજકિય હુકૂમત તથા સત્તાનો માર્ગ બનાવ્યો. નવાબો અને રાજાઓને એક પછી એક કાબૂમાં કરતા કરતા ઠેઠ દિલ્હી સુધી પહોંચી ગયા અને તેના લાલ કિલ્લા પર બ્રિટિશ સામ્રાજ્યનો ઝંડો ફરકાવી દીધો. પરંતુ સદીઓ સુધી હિંદુસ્તાનની આબોહવામાં પરવરિશ પામવા છતાં પણ આ અંગ્રેજો છેવટે હિંદુસ્તાનથી પાછા ચાલ્યા ગયા અને હિંદુસ્તાનને તેમણે પોતાનું કાયમી વતન નથી બનાવ્યું.





પૌરાણિક હિંદુસ્તાની ઈતિહાસના પ્રકાશમાં એ વાત કહેવા તથા લખવામાં આવે છે કે **શુદ્ર** તથા **દલિત** અહીંના મૂળ વતનીઓ છે પરંતુ તે જ લોકો આજ સુધી હિંદુસ્તાની સમાજના માટે બોજ સમજવામાં આવી રહ્યા છે, અને હજારો વરસોથી તેઓ ગરીબી તથા તંગીની જિંદગી ગુજારી રહ્યા છે અને ઉચ્ચ વર્ણના જુલ્મો તથા તકલીફો તથા બળપ્રયોગનો શિકાર બની રહ્યા છે. તેમને બેઈજ્જત તથા તુચ્છ સમજીને જાનવરોની જેમ તેમની સાથે જંગલીપણા ભર્યો તથા ગૈર ઈન્સાની વર્તાવ થવા લાગ્યો, ઉચ્ચ વર્ણના લોકો પોતાની મજલિસો તથા મેહફિલોમાં ઉઠક બેઠક નહીં બલ્કે પોતાની વસ્તીથી પણ તેમને દૂર રાખવા લાગ્યા અને તાલીમ (શિક્ષણ)ના દરવાજા પણ એમના માટે બંધ કરી દેવામાં આવ્યા. એટલે સુધી કે તેમના કાન એ લાયક પણ ન સમજવામાં આવ્યા કે કોઈ મઝહબી વાત સાંભળી શકે, અને હદ તો એ છે કે ઈબાદતગાહો (પૂજાસ્થાનો)માં તેમના માટે પ્રવેશબંધી રાખવામાં આવી.

બીજી બાજુ ઈસ્લામે આ દેશમાં માણસાઈનો સબક આપ્યો, રહમતની વર્ષા વરસાવી, પ્યાર મહોબ્બતની ભેટો વહેંચી, ઉલ્ફત તથા મહોબ્બતનો પૈગામ આપ્યો, જીવવાના નિયમો શિખવાડયા, માનવતાનો પ્રભાવ જમાવ્યો, હજારો લાખો માનવોના દિલોની દુનિયા બદલી નાખી અને તેમની જિંદગીમાં મહાન ક્રાંતિ સર્જી દીધી. તેમને પાક તથા પવિત્ર બનાવ્યા. તેમનાં સરો પર કરામતનો તાજ રાખ્યો અને જમીનની પસ્તીઓએથી કાઢીને તેમને અર્શની બુલંદીઓ સુધી પહોંચાડી આપ્યા.

અલ્લાહ તબારક વ તઆલા ઈન્સાની ઈજ્જત તથા અઝમતને પ્રદર્શિત કરતાં ઈર્શાદ ફર્માવે છે :

وَلَقَدْ كَرَّمْنَا بَنِىْٓ اٰدَمَ وَحَمَلْنٰهُمْ فِى الْبَرِّ وَالْبَحْرِ وَرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ
وَفَضَّلْنٰهُمْ عَلٰى كَثِيْرٍ مِّمَّنْ خَلَقْنَا تَفْضِيْلًا

**તર્જુમો** : બેશક ! અમે આદમની ઔલાદને ઈજ્જત આપી અને તેમને જમીન તથા પાણી (ખુશ્કી તથા તરી)માં સવારીઓ અર્પણ

કરી. અને તેમને પવિત્ર ચીજોથી રોજી આપી અને પોતાની ઘણી મખ્લૂકાત પર વિશિષ્ટ ફઝીલત બખ્શી. *(આયત–૭૦, સૂ. બની ઈસ્રાઈલ, પારા–૧૫)*

يَـٰٓأَيُّهَا ٱلنَّاسُ ٱتَّقُوا۟ رَبَّكُمُ ٱلَّذِى خَلَقَكُم مِّن نَّفْسٍ وَٰحِدَةٍ وَخَلَقَ مِنْهَا
زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا رِجَالًا كَثِيرًا وَنِسَآءً ۚ وَٱتَّقُوا۟ ٱللَّهَ ٱلَّذِى تَسَآءَلُونَ بِهِۦ
وَٱلْأَرْحَامَ ۚ إِنَّ ٱللَّهَ كَانَ عَلَيْكُمْ رَقِيبًا

**તર્જુમો** : હે લોકો ! તમારા રબથી ડરતા રહો જેણે તમને એક જાનથી પેદા કર્યા અને એનાથી એનું જોડું પેદા કર્યું અને એ બંનેથી ઘણા બધા પુરૂષ તથા સ્ત્રીઓ ફેલાવ્યા અને અલ્લાહથી ડરતો રહો. જેના વાસ્તે તમે એક બીજાથી સવાલ કરો છો અને રિશ્તેદારોનો લેહાઝ રાખો, બેશક ! અલ્લાહ તમને દરેક વખતે જોઈ રહ્યો છે. *(આયત–૧, સૂ. નિસાઅ, પારા–૪)*

ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈન્સાની ઉચ્ચતા તથા કરામત આ પ્રમાણે વર્ણવે છે :–

كلكم من آدم وآدم خلق من تراب

**તર્જુમો** : તમે આદમથી પેદા થયા અને આદમને માટી વડે પેદા કરવામાં આવ્યા.

الخلق كلهم عيال الله

**તર્જુમો** : આખી મખ્લૂક અલ્લાહનો કુંબો (કબીલો) છે.

હિંદુસ્તાનના લગભગ તમામ મુસ્લિમ રાજ્યો તથા ઉમરાવો ઈસ્લામના સફીર કે તર્જુમાન (પ્રચારક) ન હતા બલ્કે પોતાની હુકૂમત તથા સત્તાના રક્ષક તથા નિગેહબાન રહેતા હતા. તેમને ઈસ્લામનું વર્તુળ તથા મુસલમાનોનું ક્ષેત્ર વિસ્તારવામાં નહીં બલ્કે પોતાની રાજ્ય સત્તાનો વિસ્તાર વિશાળ કરવામાં દિલચસ્પી હતી. તેઓ મુસલમાનોના માટે આદર્શ (આઈડિયલ) ઈતિહાસના કોઈ યુગમાં નથી બની શક્યા,





બલ્કે ઈસ્લામના ખરેખર પ્રતિનિધિ તથા મુસલમાનોના સાચા આદર્શ દરેક યુગમાં હિંદુસ્તાનમાંની કેવળ તે જ બુઝુર્ગ હસ્તીઓ રહી છે જેમના ઝિક્ર તથા ફિક્ર, ઈબાદત તથા રિયાઝત, તકવા તથા તહારત, શફ્કત તથા મહોબ્બતથી ઈસ્લામની રોશની ફેલાઈ. જેમણે કેવળ પોતાની વાતોથી નહીં, બલ્કે પોતાના કિરદાર તથા અમલ થકી માણસોને આકર્ષ્યા અને પછી તેમનો હાથ પકડીને તેમને અલ્લાહના દરબારમાં રજુ કરી આપ્યા. એવી પાક (પવિત્ર) હસ્તીઓમાં અમુક હઝરાતનાં નામો નીચે પ્રમાણે છે :–

સૈયદ અલી હિજવૈરી દાતાગંજ બખ્શ લાહોરી, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત બાબા ફરીદ ગંજ શકર, હઝરત મખ્દૂમ અલી અહમદ સાબિર કલિયરી, હઝરત ગેસૂ દરાઝ બંદા નવાઝ, હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ, હઝરત શરફુદ્દીન અહમદ યહ્યા મુનીરી, હઝરત સૈયદ અલી હમદાની, હઝરત મખ્દૂમ સૈયદ અશરફ જહાંગીર સમનાની વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین .

સત્તા બે પ્રકારની હોય છે એક દિલોની બીજી શરીરની. દિલ પર જેની સત્તા હોય છે તે ઘણી સ્ટ્રોંગ હોય છે અને જેની સત્તા કેવળ શરીર પર હોય છે તે સંજોગોની આધિન હોય છે, જેવા સંજોગો બદલાઈ કે વફાદારી બદલાઈ. દિલો પર જેની સત્તા ચાલવા લાગે છે તે તેમના આ દુનિયાથી ચાલ્યા ગયા બાદ પણ ખત્મ નથી થતી, દિલ તેમના પ્રતિ ખેંચાતાં રહે છે અને કદમો તેમના પ્રતિ વધતા રહે છે. એ વાત સમજવી હોય અને બંને પ્રકારનો મન્ઝર જોવો હોય તો નવી દિલ્હીની બસ્તી હઝરત નિઝામુદ્દીન ઔલિયા આવીને તમારા માથાની આંખો વડે જોઈ લો. એક તરફ હઝરત મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયાની આખરી આરામગાહ છે અને બીજી બાજુ હુમાયુનો મકબરો છે, એ બંને વચ્ચે કેટલો ફરક અને કેટલું અંતર છે ? તે આપોઆપ સમજાઈ જશે.

**મહબ્બત હો તો દિલ સીનોંસે ખિંચને લગતે હૈં નાસેહ**
**હકીકત ખૂદ કો મનવા લેતી હૈ માની નહીં જાતી**

પરંતુ એ જ હિંદુસ્તાનની અંદર અલ્લાહની એક એવી મખ્લૂક પણ આબાદ છે જેને હકીકત સાથે કોઈ મતલબ નથી અને ન મહોબ્બત કે મુરવ્વત સાથે કોઈ લેવા દેવા. તેની આયોજનપૂર્વકની ઈચ્છા તથા કોશિશ એ છે કે હકીકત તથા મહોબ્બતનો જનાઝો હિંદુસ્તાનેથી કાઢી નાખવામાં આવે અને જૂઠ તથા નફરતને હવા આપીને ગામે ગામ અને ઘરે ઘર એવી આગ લગાડી દેવામાં આવે કે માણસાઈ ધ્રુસ્કાં ખાતી ખાતી દમ તોડી નાખે, તેનો રાત દહાડાનો ધંધો કેવળ એ બની ગયો છે કે ઈસ્લામને કઈ રીતે બદનામ અને મુસલમાનોને કઈ રીતે બેઈજ્જત કરવામાં આવે ? અને ગુજરાતની જેમ આખા દેશમાં કયારે અને કેવી રીતે શૈતાની નાચ નાચવામાં આવે. પોતાના આ મકસદમાં તે મહોબ્બત તથા લાગણી, માનવતા તથા ઈન્સાનિયત, પાડોશી ભાવના તથા મેલજોલ, સુંસ્કાર તથા સભ્યતા, દીન તથા ધરમ કોઈની પરવા નથી ઈચ્છતી અને કોઈ પણ ભોગે પોતાની તરંગી પ્યાસ માનવ લોહી વડે તૃપ્ત કરવા ચાહે છે.

ધાર્મિક, સાંસ્કૃતિક, રાજનૈતિક, સામાજિક, આર્થિક, ઐતિહાસિક, આંકડાકીય દરેક ક્ષેત્રે તેના હેઠળની સંસ્થાઓ અને તાલીમ પામેલ વ્યકિતઓ પોતપોતાની નિશ્ચિત ફરજોના પાલનમાં સક્રિય છે. હિંદુસ્તાનથી બ્રિટન અને અમેરિકા સુધી તેમના સંબંધો વિસ્તરેલા છે, અને તે સ્થળોએથી તેમને ભરપૂર ખોરાક મળતો રહે છે. ઈઝરાઈલ સાથે પણ તેમને ગાઢ મિત્રતા છે, આવન જાવનનો દૌર ચાલુ રહે છે, વિચાર વિમર્શની આપલે થતી રહે છે, વિચારણાઓ તથા અમલી હિકમતોની આપલે થતી રહે છે અને ખૂન પીનારાઓનો ખૂનરેજીભર્યો ઈતિહાસ રચાતો રહે છે.

અયોધ્યા અને કાશી તથા મથુરાની પોતે ઘડી કાઢેલી સમસ્યા તો એક બહાનુ છે પણ હકીકતમાં તેમનું નિશાન કાંઈ ઓર જ છે. બિનસાંપ્રદાયિકતા પર તેના સક્રિય કાર્યકરો જે રીતે જબરદસ્ત હુમલો કરી રહ્યા છે એનાથી તેમના ઈરાદાઓ જાહેર તથા પ્રદર્શિત થઈ જાય છે કે તેમની મૂળ મંઝિલ હિંદુ રાષ્ટ્ર છે, બાકી સર્વ પ્રોગ્રામો આમ જ





સમય પસાર કરવા તથા પોતાની લોક શક્તિ વધારવાના માટે છે. જયારે કે એ નાદાનને ખબર નથી કે બિનસાંપ્રદાયિકતા (સેક્યુલરિઝમ) મુસલમાનની નહીં બલ્કે હિંદુસ્તાનની જરૂરત છે, એટલા માટે હિંદુઓએ જ મલી જુલીને આજથી અડધી સદી પહેલાં એને બિનસાંપ્રદાયિક રાજય બનાવ્યું છે.

અલ્લાહની આ વિચિત્ર પ્રકારની મખ્લૂકનું કહેવું છે કે મુસલમાન મક્કા તથા મદીનાને પોતાના પવિત્ર શહેરો ગણે છે એનાથી લાગે છે કે તેમનાં મૂળો કયાંક અન્ય ભૂમીથી જોડાયેલાં છે એટલા માટે એમની વતન પ્રત્યેની વફાદારી પર ભરોસો નથી થઈ શકતો ! અલ્લાહના એ બંદાઓએ કદી એવું નથી વિચાર્યું કે બ્રિટન, અમેરિકા, હોલેન્ડ, કેનેડા, જર્મની, ફ્રાંસ વગેરેમાં વસેલા અને ત્યાં પેદા થનારા લાખો માણસો ત્યાંના વતની થઈને કાશી, અયોધ્યા, મથુરા, હરિદ્વાર વગેરેને પોતાનું પવિત્ર શહેર સમજે છે, તો તેમની જડો છેવટે ક્યાંની ભૂમી સાથે સંકળાયેલી છે ? તેમની તે વતન પ્રત્યેની વફાદારી પર કેટલા અંશે ભરોસો કરવામાં આવે ? અને તે દેશો તેમને પોતાના વતન પ્રેમી નાગરિક માની શકે ?

તેઓની એક મહત્વની માંગણી એ છે કે, "મુસલમાન પોતે પોતાને હિંદુ કહે ! કેમ કે હિંદુ કોઈ ધર્મ નથી બલ્કે એક જીવન પધ્ધતિ છે, પોતાની અલગ ઓળખ માટે તે પોતાને મુહમ્મદી હિંદુ કહી શકે છે, પણ હિંદુ શબ્દથી અલગ રહેવામાં કોઈ વતન પ્રેમ નથી." એ નાદાનને એટલી વાત સમજમાં નથી આવતી કે યૂરોપ તથા અમેરિકા તથા ઓસ્ટ્રેલિયામાં રહેનારા વસનારા અને ત્યાંની જીવન શૈલીને અપનાવી લેનારી લાખો વ્યકિતઓ આજે પણ પોતાને હિંદુ શા માટે કહે છે ? અને તેમને એ વાત પણ નથી સમજાતી કે જયારે હિંદુ કોઈ દીન ધરમ નથી તો પછી અન્ય દેશોના લોકો હિંદુત્વને ધર્મ સમજીને પોતે પોતાને હિંદુ શા માટે કહે છે ? શું તેમની પાસે પણ કદી આ નાદાને માગણી કરી છે કે જયારે તમારી જીવન શૈલી ભારતી નથી અને તમે કોઈ ભારતીય ધર્મ નથી ધરાવતા તો પછી તમે પોતાને હિંદુ

શા માટે કહો છો ?

તેને ઘણો આનંદ એ વખતે મળે છે જ્યારે પોતાના હથિયારો તથા હુમલાઓ વડે ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ વાતાવરણ ખડુ કરવામાં કાંઈક સફળતા જોવા મળે છે. મુસલમાનોને તંગ તથા પરેશાન કરવામાં તેની આત્માને શાંતિ મળે છે, તેમને વ્યાપાર, કારીગરી, રાજકિય દરેક ક્ષેત્રે પાછળ ધકેલવામાં તેને ઘણી મજા પડે છે, પ્રધાન પદે બેસીને પણ તે **પ્રતિક્રિયા**ના નામ પર મુસલમાનોનાં ગળાં કપાવે છે અને તેના માટે પોતાની સત્તાના પ્રભાવનો ઉપયોગ અને સરકારી માધ્યમોનો પણ કશાય ખચકાટ વિના ઉપયોગ કરે છે અને શરણાર્થી કેમ્પોને "બાળકો પેદા કરવાની ફેકટરી" કહીને ટીખળ સાથે મજા માણે છે. પૂરાણા ઈતિહાસને વિકૃત કરવો એ તેમની બહુ જૂની તમન્ના છે, અને શાળાના પાઠય પુસ્તકોમાં પોતાની મનમાની વાતો ઉમેરીને બાળકો તથા યુવાનોનાં દિલો દિમાગને કૌમી ઝહેરમાં ખરડવાં એ તેનો ખાસ ધ્યેય છે.

અને ખબર નથી કે નફરત તથા જુલ્મી હુમ્લાનો માહોલ ફેલાવીને અને કાલ્પનિક ઈતિહાસ લખીને કોઈ કૌમ મહાન નથી બનતી. એવી વિચારદ્રષ્ટિ રાખનારા લોકો ચંગેઝ તથા હલાકુ અને હિટલર તથા મોસોલીનીના અનુગામી તથા તેમના ચાહક તો થઈ શકે છે પણ તેમને પોતાની ઈન્સાનિયતથી હાથ ધોવા પડશે અને પોતાના જ હાથો વડે ઈન્સાનિયત તથા સંસ્કૃતિનું વારંવાર ખૂન કરવું પડશે.

રચનાત્મક વિચારધારા, સદ્ વિચાર, પવિત્ર કાર્ય પધ્ધતિ, ઉચ્ચ વર્તાવ, દૂરંદેશી, દિર્ઘ દ્રષ્ટિ, પ્રેમ ભાવ, માણસાઈ, સભ્યતા, શરાફત અને ઈલ્મ તથા અમલના એકત્રિકરણથી જ કોઈ કૌમ મહાન બને છે અને અન્ય કૌમો દરમ્યાન કોઈ મહત્વ તથા સ્થાન તેને પ્રાપ્ત થાય છે. આ વાત કેવળ સાંભળવા તથા સમજવાની નથી બલ્કે તેના પર અમલ કરવો જરૂરી છે અને એ રીતે જ પ્રગતિ તથા કામયાબી પ્રાપ્ત કરી શકાય છે.

કુર્આને હકીમની **૨૪ આયતો**ના બારામાં આ હિંદુસ્તાનની પ્રજામાંના કેટલાક જાણીતા લોકો જાત જાતની બેહૂદ વાતો કરી રહ્યા છે અને





વાતાવરણને ખરાબ કરી રહ્યા છે. **જેહાદ**ને પણ તેમણે નિશાન બનાવી રાખેલ છે. જેને ફાવે તેને જેહાદી કહીને તેની ગરદન પકડી લે છે અને તેના પર આક્ષેપોનો વરસાદ વરસાવી દે છે, તેની જાન પર આવી બને છે અને મોટા ભાગે કહેવાતા જેહાદીને જાનથી હાથ ધોવા પડે છે.

આજથી ૧૪૦૦ વરસ પહેલાં એક ખાસ વાતાવરણમાં કેટલાક ખાસ લોકો માટે કુર્આને કહ્યું હતું કે, "તેમને જ્યાં પામો ત્યાં પકડો, તેમની તાકમાં લાગેલા રહો, તેમને પકડીને મારો, તેમને કત્લ કરો કે તેમની એ જ સજા છે."

૨૧ મી સદી ઈસ્વીમાં **હિંદુસ્તાનથી અમેરિકા સુધી** કેટલાક ખાસ લોકો માટે પૂરા જોરશોરની સાથે ગવર્નમેન્ટ કક્ષાએ એ અમલ થઈ રહ્યો છે કે, "તેમને જ્યાં જુઓ પકડો, તેમની તાકમાં લાગેલા રહો, તેમને પકડીને મારો, તેમને કત્લ કરો કે તેમની એ જ સજા છે."

આ ચોંકાવી દેનારી ઐતિહાસિક વાત નથી ! એટલે સુધી કે ઈઝરાઈલની બુરી આદતોવાળી અને બુરાઈ પસંદ યહૂદી કૌમ પણ એ જ રવિશ પર ચાલી રહી છે. હેતુ તથા મકસદ અને સમય તથા સંજોગમાં ઘણો તફાવત હોવા છતાં એ કેટલો આકસ્મિક સંજોગ છે કે જે હુકમના કારણે કુર્આન વિરૂધ્ધ કેટલાક લોકોએ ઉશ્કેરણીજનક ચળ વળ છેડી છે તેના ઉપર તો આજકાલ સૌથી વધુ પોતે જ અમલ પણ કરી રહ્યા છે !

**યે ઈબ્રતકી જા હૈ તમાશા નહીં !**

અલ્લાહ તેઓને સમજ આપે, તેમની હિદાયત ફર્માવે અને બસ !


**યાસીન અખ્તર મિસ્બાહી**

બાની વ મુહ્‌તમિમ દારુલ કલમ, દિલ્હી

વ એડિટર માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી


*(બરોઝ બુધ, ૨૧–રમઝાન, હિ.સ. ૧૪૨૩, તા. ૨૭–૧૧–૦૨)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# કુર્આન વિશે વર્ણન

وَ اِنَّهٗ لَتَنْزِيْلُ رَبِّ الْعٰلَمِيْنَ (١٩٢) نَزَلَ بِهِ الرُّوْحُ الْاَمِيْنُ (١٩٣) عَلٰى قَلْبِكَ لِتَكُوْنَ مِنَ الْمُنْذِرِيْنَ (١٩٤) بِلِسَانٍ عَرَبِيٍّ مُّبِيْنٍ (١٩٥) وَاِنَّهٗ لَفِىْ زُبُرِ الْاَوَّلِيْنَ

**તર્જુમો** : આ કુર્આન રબ તઆલાનું ઉતારેલું છે તેને રૂહુલ અમીન લઈને ઉતર્યા તમારા દિલ પર કે તમે ડર સંભળાવો ! રોશન અરબી ભાષામાં અને બેશક ! એનો ઉલ્લેખ આગલી કિતાબોમાં છે. *(સૂરએ શોઅરા)*

اِنَّ هٰذَا الْقُرْاٰنَ يَهْدِىْ لِلَّتِىْ هِىَ اَقْوَمُ وَيُبَشِّرُ الْمُؤْمِنِيْنَ الَّذِيْنَ يَعْمَلُوْنَ الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ اَجْرًا كَبِيْرًا

**તર્જુમો** : બેશક ! આ કુર્આન તે માર્ગ બતાવે છે જે સૌથી સીધો છે અને ખુશી સંભળાવે છે ઈમાનવાળાઓને જેઓ સારાં કામો કરે કે એમના માટે મહાન સવાબ છે. *(સૂરએ બની ઈસ્રાઈલ)*

وَلَقَدْ اَنْزَلْنَآ اِلَيْكُمْ اٰيٰتٍ مُّبَيِّنٰتٍ وَّ مَثَلًا مِّنَ الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلِكُمْ وَ مَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ (٣٤) اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ط مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ط اَلْمِصْبَاحُ فِىْ زُجَاجَةٍ ط اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ دُرِّىٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ زَيْتُوْنَةٍ لَّا شَرْقِيَّةٍ وَّ لَا غَرْبِيَّةٍ يَّكَادُ زَيْتُهَا يُضِىْٓءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ ط نُوْرٌ عَلٰى نُوْرٍ ط يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ ط وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ ط وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ

**તર્જુમો** : અને બેશક ! અમે ઉતારી તમારા તરફ રોશન આયતો અને અમુક તે લોકોનું બયાન જેઓ તમારાથી પહેલાં થઈ ગયા અને ડરવાળાઓ માટે નસીહત. અલ્લાહ નૂર છે આસ્માનો તથા જમીનનું.





એના નૂરનું દ્રષ્ટાંત એવું છે જાણે એક તાક જેમાં ચિરાગ છે. તે ચિરાગ એક ફાનસમાં છે, તે ફાનસ જાણે એક તારો છે મોતી જેમ ચમકતો પ્રકાશિત થાય છે બરકતવાળા ઝાડ ઝૈતૂનથી જે ન પૂર્વનું છે ન પશ્ચિમનું, નજીક છે કે તેનું તેલ ભડકી ઉઠે ભલે તેને આગ ન સ્પર્શે, નૂર પર નૂર છે. અલ્લાહ તઆલા પોતાના નૂરનો માર્ગ દેખાડે છે જેને ચાહે છે, અને અલ્લાહ દ્રષ્ટાંતો બયાન કરે છે લોકોના માટે અને અલ્લાહ સર્વ કાંઈ જાણે છે. *(સૂરએ નૂર)*

وَمَا كَانَ هٰذَا الْقُرْاٰنُ اَنْ يُّفْتَرٰى مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ تَصْدِيْقَ الَّذِىْ بَيْنَ يَدَيْهِ وَتَفْصِيْلَ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ مِنْ رَّبِّ الْعٰلَمِيْنَ

**તર્જુમો** : અને આ કુર્આનની એ શાન નથી કે કોઈ પોતાના તરફથી બનાવી લે અલ્લાહના ઉતાર્યા વિના. હા ! એ આગલી કિતાબોનું સમર્થન છે અને લોહમાં જે કાંઈ લખેલું છે સૌની વિગત છે. એમાં કાંઈ શક નથી કે એ પરવરદિગારે આલમની તરફથી છે. *(સૂરએ યૂનુસ)*

# કુર્આનની હિદાયત

وَ قُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ ط اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا (٨١) وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ لا وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا (٨٢) (سوره بنى اسرائيل)

**તર્જુમો** : અને ફર્માવો કે હકક આવ્યું અને બાતિલ નષ્ટ થયું, બેશક ! બાતિલને નષ્ટ થવાનું જ હતું. અને અમે કુર્આનમાં ઉતારીએ છીએ તે ચીજ જે ઈમાનવાળાઓ માટે શિફા અને રહમત છે અને એનાથી જાલિમોને નુકસાન જ વધે છે. *(સૂરએ બની ઈસ્રાઈલ)*

فَقَدْ جَآءَكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ وَهُدًى وَّرَحْمَةٌ ج فَمَنْ اَظْلَمُ مِمَّنْ كَذَّبَ بِاٰيٰتِ اللّٰهِ وَصَدَفَ عَنْهَا ط سَنَجْزِى الَّذِيْنَ يَصْدِفُوْنَ عَنْ اٰيٰتِنَا سُوْٓءَ الْعَذَابِ بِمَا كَانُوْا يَصْدِفُوْنَ (١٥٧) (سوره انعام)

**તર્જુમો** : તો તમારી પાસે તમારા રબની રોશન દલીલ અને હિદાયત અને રહમત આવી. તો એનાથી વધારે જાલિમ કોણ જે અલ્લાહની આયતોને જૂઠલાવે અને એનાથી મોઢુ ફેરવે. નજીકમાં જ તેઓ જેઓ અમારી આયતોથી મોઢું ફેરવે છે અમે તેમને બુરા અઝાબની સજા આપીશું, બદલો તેમના મોઢું ફેરવવાનો. *(સૂરએ અન્આમ)*

اِنَّ فِـىْ هـٰذَا لَبَـلٰـغـًا لِّقَـوْمٍ عٰـبِـدِيْنَ (١٠٦) وَمَـآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّـلْـعٰـلَـمِـيْـنَ (١٠٧) قُـلْ اِنَّـمَـا يُوْحٰى اِلَىَّ اَنَّمَآ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ج فَهَلْ اَنْتُمْ مُّسْلِمُوْنَ (١٠٨)(سوره انبياء)

**તર્જુમો** : બેશક ! આ કુર્આન પૂરતુ છે ઈબાદતવાળાઓ માટે. અને અમે તમને ન મોકલ્યા પણ રહમત આખા જહાનના માટે. તમે ફર્માવો, મને તો એ જ વહી થાય છે કે તમારો ખુદા નથી પણ એક અલ્લાહ. તો શું તમે મુસલમાન થાવ છો ? *(સૂરએ અંબિયા)*

اَلـلّٰـهُ يَحْكُمُ بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ (٦٩) اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِى السَّمَآءِ وَالْاَرْضِ ط اِنَّ ذٰلِكَ فِىْ كِتٰبٍ ط اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ (٧٠) وَيَـعْـبُـدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّ مَا لَيْسَ لَهُمْ بِهٖ عِلْمٌ ط وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ نَّصِيْرٍ (٧١)(سوره حج)

**તર્જુમો** : અલ્લાહ તમારામાં ફેંસલો કરી આપશે કિયામતના દિવસે, જે વાતમાં મતભેદ કરી રહ્યા છો. શું તેં ન જાણ્યું કે અલ્લાહ જાણે છે જે કાંઈ આસ્માનો અને જમીનમાં છે. બેશક ! એ સઘળુ એક કિતાબમાં છે. બેશક ! એ અલ્લાહ માટે આસાન છે. અને અલ્લાહના સિવાય એવાઓને પૂજો છો જેની કોઈ સનદ એણે ન ઉતારી અને એવાઓને જેનો ખૂદ એમને કાંઈ ઈલ્મ નથી. અને સિતમગારોનો કોઈ મદદગાર નથી. *(સૂરએ હજ્જ)*





# ચોવીસ આયતોનો કુર્આની ભાવાર્થ

પયગંબરે ઈસ્લામ, હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર અલ્લાહના તરફથી જિબ્રઈલે અમીન علیہ الصلوٰۃ والتسلیم થકી જે રીતે કુર્આને અઝીમનું ઉતરાણ થયું હતું બરાબર એ જ રીતે તેની એક એક આયત અને એક એક શબ્દ આજે પણ વધઘટ વિના મહફૂઝ છે અને આપણી નજરો સમક્ષ મૌજૂદ છે અને કા'બાતુલ્લાહ જે અન્વારે ઈલાહી તથા રબની તજલ્લીઓનું કેન્દ્ર છે તે પણ સંપૂર્ણ પવિત્રતા અને મહાનતાની સાથે મક્કા મુકર્રમાની ભૂમી પ્રતિ સમગ્ર ઈસ્લામી વિ□ના આકર્ષણનો સબબ અને તેની કેન્દ્રતાનું એક રોશન માપદંડ બનેલુ છે.

કુર્આન અને કા'બા પર નજર પડતાં જ દરેક મુસલમાનનું દિલ અનાયાસે એકદમ તેમના પ્રતિ ખેંચાવા લાગે છે. તેના ઉપર એક અજબ પ્રકારની વજદાની (બેખૂદીની) કૈફિયત છવાઈ જાય છે. અને તેના ઈસ્લામ તથા ઈમાનમાં એક નવી તાજગી તથા શક્તિનો એહસાસ થવા લાગે છે. પરંતુ આ જ કુર્આન અને આ જ કા'બા ઈસ્લામ દુશ્મન તત્વોની નજરોમાં કાંટા જેમ ખટકતાં રહે છે. અને તેઓ એવું સમજે છે કે મુસલમાનોની અંદર ઈમાની કુવ્વત તથા શક્તિનાં આ જ બે ઝરણાં છે, જ્યાં સુધી તેઓ એનાથી ખોરાક પાણી મેળવતા રહેશે ત્યાં સુધી તે મજબૂત તથા શક્તિશાળી અને નીડર તથા બહાદુર કૌમની જેમ વિ□ના ક્ષેત્રે પોતાની કોશિશ ચાલુ રાખશે. જેમ કે કોઈ અંગ્રેજ તત્વચિંતક તથા ફિરંગીભાષીના બારામાં મશહૂર છે કે તેના રીડિંગ રૂમમાં એક તરફ કુર્આન અને બીજી તરફ કા'બાનો નકશો હતો. અને તે પોતાના ખાસ મુલાકાતીઓને મોટાભાગે એવું કહ્યા કરતો હતો કે મુસલમાનોનો સંબંધ જ્યાં સુધી આ બંને સાથેથી કટ કરી દેવામાં નહીં આવે ત્યાં સુધી તેમને કમજોર તથા બેઈજ્જત નથી કરી શકતા.

અરબ વેપારીઓ તથા મુબલ્લિગોની સાથે જ કુર્આન પણ

હિંદુસ્તાન પહોંચ્યું છે. અને તેના રબ્બાની પૈગામ વડે અહીં મેદાનો તથા પહાડીઓ તથા જંગલો તથા રણો તેમજ માનવ વસ્તીઓ સદીઓથી ગુંજી રહી છે. પરંતુ ૧૯ મી સદી ઈસ્વીમાં જ્યારે અંગ્રેજોની હિંદુસ્તાનમાં સત્તા થઈ તો તેમની ચડતીના સમયમાં કેટલાયે એવાં ઝેરીલાં બીજ રોપવામાં આવ્યાં જેનું બુરી વૃત્તિ તથા ફિત્નાઅંગેઝી વડે પોષણ કરવામાં આવ્યું. દા.ત. એ જ સદીમાં અયોધ્યામાં રામ મંદિર તોડીને બાબરી મસ્જિદ બંધાવવામાં આવ્યા વિશેનો પાયાહિન ઈતિહાસ પ્રથમ અંગ્રેજ ઈતિહાસકારે ફૈઝાબાદ ગેજેટમાં નોંધાવ્યો અને ઈ.સ. ૧૮૫૭ માં સ્વામી દયાનંદ સરસ્વતી જે આર્ય સમાજના સ્થાપક છે તેમણે "સત્યાર્થ પ્રકાશ" લખીને કુર્આનની અમુક આયતોની વિરૂધ્ધ ઝહેર ઓક્યું અને ઉપર છલ્લો વાંધો ઉઠાવતાં તેમને ફિત્ના ફસાદ ખડો કરનાર ઠરાવી હતી.

વાંચકોને યાદ હશે કે ઈ.સ. ૧૯૮૪ તથા ઈ.સ. ૧૯૮૫ માં ઉત્તર પ્રદેશ રાજ્યમાં ખૂબ જ આયોજનપૂર્વક તથા સક્રિયપણે સંઘ પરિવારે (આર. એસ. એસ., વિહિપ, બંજરંગદળ વગેરે) રામ જન્મ ભૂમી ચળવળ ચલાવી હતી અને એ જ અરસામાં કલકત્તા હાઈકોર્ટમાં કુર્આનની વિરૂધ્ધ એક કેસ પણ દાખલ કરવામાં આવ્યો હતો જેને ઉડાવી દેવામાં આવ્યો. આર. એસ. એસ. ના હિંદી સાપ્તાહિક પત્ર "પંજ જીના" નવી દિલ્હીમાં પણ એ જ અરસામાં કુર્આનની વિરૂધ્ધ એક ઉશ્કેરણીજનક લેખ પ્રકાશિત થયો હતો. જાણે લગભગ દોઢ પોણા બે વરસ પહેલાં નફરતનાં જે બીજ રોપવામાં આવ્યાં હતાં તે ઈ.સ. ૧૯૮૦ પછી મજબૂત વૃક્ષના રૂપમાં ઉભરાઈને સામે આવ્યાં. રામ જન્મ ભૂમી ચળવળના પરિણામે બાબરી મસ્જિદની શહાદત, મુંબઈ તથા સૂરત વગેરેનાં તોફાનો અને પછી ગુજરાતની વર્તમાનમાં (ફેબ્રુ, માર્ચ ઈ.સ. ૨૦૦૩) મુસ્લિમ કૌમની તબાહી થઈ. આખા હિંદુસ્તાનનું રાજકરણ એનાથી પ્રભાવિત થતુ રહ્યું. સમાજમાં દુશ્મનીની હવા ચાલતી રહી અને આજ સુધી આખો દેશ તેનું પરિણામ ભોગવી રહ્યો છે. હવે માહોલને અધિક ગરમ કરવાના માટે સંઘ પરિવાર ખાસ કરીને વિ. હિ. પ. એ કેટલાક દિવસોથી કુર્આનને પોતાનું નિશાન બનાવી રાખેલ છે કે એમાં જેહાદ તથા લડાઈનો હુકમ છે અને ફિત્ના





ફસાદનું એ જ કુર્આન વડે મુસલમાનોને ઉત્તેજન મળે છે જેથી જે આયતોમાં એવા હુકમો છે તેને કુર્આનમાંથી દૂર કરવા જોઈએ. કોઈ ન કોઈ મુદ્દો છેડીને મુસલમાનોને ઉલઝનમાં નાખી રાખવા, તેમનો સમય તથા શક્તિને કામે લગાડી રાખવી, તેમને ભડકાવતા રહેવું, તેમને તોફાની, ઝઘડાળુ અને વતનના દુશ્મન ઠરાવતા રહેવું એ સંઘ પરિવારનો જન્મ સિધ્ધ મંત્ર છે અને તેમના લીડરો રોજ રોજ ઈસ્લામ દુશ્મની તથા મુસ્લિમ દુશ્મનીના બહાનાં શોધીને મુસલમાનોને દિમાગી તથા માનસિક તકલીફો પહોંચાડીને અને તેમના વ્યક્તિત્વને ઘાયલ કરીને ખૂબ જ કઠણ દિલી સાથે તમાશો જોતા તથા રાહત અનુભવતા રહે છે. હિંદુ મહાસભા અને રાષ્ટ્રિય સંઘ પધ્ધતિસર પોતાની સ્થાપના ઈ.સ. ૧૯૦૭ અને ૧૯૨૫ થી પોતાની આ રવિશ પર ચાલે છે, તેમની રાષ્ટ્રિયતા અને ભારતીયતાને એનાથી સુકૂન મળે છે. મુસલમાનોને ભરોસા વિનાના તથા બેઈજ્જત કરવું અને તેમને પરદેશી સમજવું તે સૌની વૈચારિક તથા માન્યતાના ઈતિહાસનો પાયો છે. જેમ કે વીર સાવરકરના તાલીમ પામેલ શાગિર્દ શ્રી ગોલવાલકર પોતાની કિતાબ **Bunch of Thoughts** (બંચ ઓફ થોટ્સ)માં લખે છે :–

"બ્રિટિશ સામ્રાજ્યની વિરૂધ્ધ આપણી આઝાદીની જંગ એ કેવળ બ્રિટિશ વિરોધી ચળવળ હતી જે કોઈ કૌમી ખયાલ પર આધારિત નથી. હિંદુસ્તાનમાં પ્રાચીન હિંદુ જાતી મૌજૂદ હતી જેની સાથે યહૂદી તથા પારસી મેહમાન જાતીઓ અને મુસ્લિમ તથા ઈસાઈ હુમલાખોર ગૃપો મૌજૂદ હતાં. એ સૌ ગૃપોમાં એકતાની ભાવના ન હતી પણ કેવળ સંજોગોએ તેમને એક સમાન જમીન એક સમાન દુશ્મનની વિરૂધ્ધ લડવા માટે એકત્ર કરી દીધા હતા. આવી એકતાનો ખયાલ "મુસાફરખાનાની થીયરી"ના નામથી ઓળખવામાં આવે છે જેમ કે મુસાફરખાનામાં મુસાફર સંજોગોવસાત ભેગા થઈ જતા હોય છે." (**Bunch of Thoughts**, લેખક : ગોલવલકર)

હિંદુત્વ, હિંદુ સંસ્કૃતિ, સાંસ્કૃતિક રાષ્ટ્રિયતા અને હિંદુ રાષ્ટ્રના ઝંડાધારીઓ હિંદુસ્તાનમાં વસતા સર્વ તબકાના લોકોને વતન પ્રેમી અને હિંદુ સમજે છે અને મુસલમાનો તથા ઈસાઈઓને હુમલાખોર ઠરાવીને તેમને સદા શંકા કુશંકાની નજરે જુએ છે. ખાસ કરીને મુસલમાનોનું અસ્તિત્વ કટ્ટરવાદીઓ માટે અસહ્ય છે. તેમની ખ્વાહિશ, સાઝિશ તથા

કોશિશ એ છે કે મુસલમાન પોતાની સંસ્કૃતિ રહણીકરણી તથા વિશિષ્ટતાથી દૂર થઈને અમારી અંદર ભળી જાય અથવા તો અમારા તાબા હેઠળ આવીને અમારો આજ્ઞાંકિત થઈને રહે અને અમારી સમક્ષ માથુ ઉઠાવીને જીવવાની હિંમત ન દેખાડે. કયારેક મસ્જિદ, કયારેક કુર્આન અને કદીક મદ્રસા પર હુમ્લા કરતા રહેવામાં તથા તેમની વતન પ્રત્યે વફાદારીને ચેલેંજ કરતા રહેવામાં એ જ મકસદો સમાયેલા છે. અને એટલા જ માટે તેઓ કદીક તોફાન કદીક લાલચ કદી કાંઈ તો કદી કાંઈ કરતા રહેવામાં ખોવાયેલા તથા સક્રિય રહે છે.

કુર્આન હકીમની જે ચોવીસ (૨૪) આયતોને ચૂંટી કાઢીને સંઘ પરિવાર હોબળો મચાવે છે એ જ પ્રકારની હરકત બાર ચૌદ વર્ષ પહેલાં સલ્માન રુશ્દીએ પણ કરી હતી અને બ્રિટન તથા હિંદ તથા પાકિસ્તાન તથા ઈરાન વગેરેમાં તેની વિરૂધ્ધ સખ્ત ઉહાપોહ થયો હતો. પોતાની કુખ્યાત કિતાબ "શૈતાની કલ્માત"માં તેણે ઈસ્લામ તથા કુર્આન તથા પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ની વિરૂધ્ધ બક્વાસ કરીને કરોડો મુસલમાનોના દિલને ઠેસ પહોંચાડી હતી. જેના પરિણામે ભય તથા ડરના પડછાયા આજ સુધી એના માથા પર મંડાયેલા રહે છે અને તે ગુંગળામણભર્યું જીવન ગુજારી રહ્યો છે. ઈસ્લામ દુશ્મન તત્વોએ આ શૈતાનને પણ ઘણો જ પ્રોત્સાહિત કર્યો તથા પીઠબળ પૂરું પાડયું છે. પરંતુ સૌ મળીને પણ આજ સુધી ઈસ્લામ અને કુર્આનનું કાંઈ બગાડી શકયા નથી અને ન ભાવિમાં કાંઈ બગાડી શકશે.

આજકાલ વિ□ હિંદુ પરિષદના કેન્દ્રોએથી એક પુસ્તિકા મોટા પાયા પર પ્રકાશિત થઈ રહી છે જેને હિંદુ રાષ્ટ્ર ફોરમ, નવી દિલ્હી–૨૭ એ સંપાદિત કરીને પ્રસિધ્ધ કરી છે. એની અંદર ચોવીસ (૨૪) આયતોને નિશાનો બનાવવામાં આવેલ છે, આ આયતોને હંગામો, ઝઘડો તથા લૂંટ મારની જિમ્મેદાર ઠરાવવામાં આવી છે અને તેને કુર્આનમાંથી દૂર કરવાની માંગણી સંઘ પરિવાર તરફથી કરવામાં આવે છે. મિડીયા થકી પણ આ માંગણીનો વારંવાર પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

નીચેના લખાણમાં હિંદુ રાષ્ટ્ર ફોરમ દિલ્હીના સંપાદિત





પેમ્ફલેટથી ૨૪ આયતો (નો કેવળ તર્જુમો) નકલ કરવામાં આવી રહી છે, જેનો તર્જુમો "કન્ઝુલ ઈમાન"માંથી લીધો છે :–

**(૧)** "પછી જ્યારે હુર્મતવાળા મહીના નીકળી જાય તો મુશ્રિકોને મારો જ્યાં પામો, અને તેમને પકડો અને કૈદ કરો અને દરેક જગાએ તેમની તાકમાં બેસો. પછી જો તેઓ તૌબા કરે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે તો તેમનો માર્ગ છોડી દો. બેશક ! અલ્લાહ બખ્શનારો મહેરબાન છે." *(આયત–૫, સૂરએ તૌબા, પારા–૧૦)*

**(૨)** "હે ઈમાનવાળાઓ ! બેશક ! મુશ્રિક નાપાક છે તો આ વરસ પછી તેઓ મસ્જિદે હરામની પાસે આવવા ન પામે. અને જો તમને મોહતાજીનો ડર છે તો નજીકમાં જ અલ્લાહ તમને પોતાના ફઝ્લથી ગની કરી આપશે જો ચાહે. બેશક ! અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે." *(આયત–૨૮, સૂરએ તૌબા, પારા–૧૦)*

**(૩)** "અને જ્યારે તમે જમીનમાં સફર કરો તો તમારા પર ગુનોહ નથી કે અમુક નમાઝો કસ્રથી પઢો, જો તમોને અંદેશો હોય કે કાફિર તમને ઈજા આપશે. બેશક ! કાફિર તમારા ઉઘાડા દુશ્મન છે" *(આયત–૧૦૧, સૂરએ નિસાઅ, પારા–૫)*

**(૪)** "હે ઈમાનવાળાઓ ! જેહાદ કરો એ કાફિરો સાથે જેઓ તમારી નજીક છે, અને જોઈએ કે તેઓ તમારામાં સખ્તી પામે અને જાણી રાખો કે અલ્લાહ પરહેઝગારોની સાથે છે. *(આયત–૧૨૩, સૂરએ તૌબા, પારા–૧૧)*

**(૫)** "જેમણે અમારી આયતોનો ઈન્કાર કર્યો નજીકમાં જ અમે તેમને આગમાં દાખલ કરીશું. જ્યારે કદી તેમની ચામડીઓ પાકી જાય અમે તેમને બદલી નાખીશું કે અઝાબની મજા પામે. બેશક ! અલ્લાહ ગાલિબ હિકમતવાળો છે." *(આયત–૫૬, સૂરએ નિસાઅ, પારા–૫)*

**(૬)** "હે ઈમાનવાળાઓ ! તમારા બાપ અને તમારા ભાઈઓને દોસ્ત ન સમજો, જો તેઓ ઈમાન પર કુફ્ર પસંદ કરે. અને તમારામાં જે એમનાથી દોસ્તી કરે તો તે જ જાલિમ છે." *(આયત–૨૩, સૂ. તૌબા, પારા–૧૦)*

**(૭)** "તેમનું મહીના પાછળ હટાવવાનું નથી પણ ઓર કુફ્રમાં વધવું એનાથી કાફિર બહેકાવવામાં આવે છે. એક વરસ એને હલાલ ઠરાવે

છે અને બીજા વરસે તેને હરામ માને છે કે એ ગણત્રીના બરાબર થઈ જાય જે અલ્લાહે હરામ ફર્માવી છે. અને અલ્લાહના હરામ કરેલાને હલાલ કરી લે. તેમનાં બુરાં કામો તેમની આંખોમાં ભલાં લાગે છે. અને અલ્લાહ કાફિરોને માર્ગ નથી આપતો." *(આયત–૩૭, સૂ. તૌબા, પારા–૧૦)*

**(૮)** "હે ઈમાનવાળાઓ ! જેમણે તમારા દીન (ધર્મ)ને હંસી ખેલ બનાવી લીધો છે તો જેઓને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી અને કાફિર, એમનામાંથી કોઈને પોતાનો દોસ્ત ન બનાવો અને અલ્લાહથી ડરતા રહો જો ઈમાન ધરાવતા હોઉ." *(આયત–૫૭, સૂરએ માઈદહ્, પારા–૬૫)*

**(૯)** "ફિટકાર થયેલા જ્યાં ક્યાંક મળે પકડવામાં આવે અને ગણી ગણીને કત્લ કરવામાં આવે. અલ્લાહનો દસ્તૂર ચાલ્યો આવે છે તે લોકોમાં જેઓ પહેલાં વહી ગયા. અને તમે અલ્લાહનો દસ્તૂર હરગિઝ બદલતો પામશો નહીં." *(આ. ૬૧, ૬૨, સૂ. અહઝાબ, પારા–૨૨)*

**(૧૦)** બેશક ! તમે અને જે કાંઈ અલ્લાહના સિવાય તમે પૂજો છો સૌ જહન્નમનાં બળતણ છો તમારે એમાં જવાનુ છે. *(આયત–૯૭, સૂરએ અંબિયા, પારા–૧૭)*

**(૧૧)** "અને એનાથી વધીને જાલિમ કોણ છે જેને તેના રબની આયતો વડે નસીહત કરવામાં આવી પછી તેણે તેનાથી મોઢું ફેરવી લીધું. બેશક ! અમે મુજરિમોથી બદલો લેનારા છીએ." *(આયત–૨૨, સૂરએ સજદા, પારા–૨૧)*

**(૧૨)** "અને અલ્લાહે તમારાથી વાયદો કર્યો છે ઘણી બધી ગનીમતોનો કે તમે લેશો. તો તમને તે જલ્દીથી અતા કરી આપી અને લોકોના હાથ તમારાથી રોકી દેવામાં આવ્યા, અને એટલા માટે કે ઈમાનવાળાઓ માટે નિશાની બને અને તમને સીધો માર્ગ દેખાડે." *(આયત–૨૦, સૂરએ ફતહ, પારા–૨૬)*

**(૧૩)** "તો ખાવ જે ગનીમત તમને મળી હલાલ પાકીઝા, અને અલ્લાહથી ડરતા રહો, બેશક ! અલ્લાહ બખ્શનારો મહેરબાન છે." *(આયત–૬૯, સૂરએ અન્ફાલ, પારા–૨૬)*





**(૧૪)** "હે નબી ! કાફિરો પર અને મુનાફિકો પર જેહાદ કરો, અને તેમનું ઠેકાણુ જહન્નમ છે અને કેટલોયે બુરા અંજામ. *(આયત–૯, સૂરએ તહરીમ, પારા–૨૮)*

**(૧૫)** "તો બેશક ! અમે જરૂર કાફિરોને સખ્ત અઝાબ ચખાડીશું. અને બેશક ! અમે તેમનાં બુરાથી બુરા કામોનો તેમને બદલો આપીશું." *(આયત–૨૭, સૂરએ હા–મીમ–સજદા, પારા–૨૪)*

**(૧૬)** "આ છે અલ્લાહના દુશ્મનનો બદલો આગ, એમાં તેમણે હમેશાં રહેવાનું છે, સજા એની કે અમારી આયતોનો ઈન્કાર કરતા હતા. *(આયત–૨૮, સૂરએ હા–મીમ–સજદા, પારા–૨૪)*

**(૧૭)** "બેશક ! અલ્લાહે મુસલમાનોથી તેમનાં માલ તથા જાન ખરીદી લીધાં છે એ બદલા પર કે એમના માટે જન્નત છે. અલ્લાહની રાહમાં લડે તો મારે અને મરે. તેના કરમ (કૃપા)ના જિમ્મા પર સાચો વાયદો તૌરાત અને ઈન્જીલ અને કુર્આનમાં. અને અલ્લાહથી વધીને કૌલનો પાકો કોણ ? તો ખુશીઓ મનાવો પોતાના સોદાની જે તમે એની સાથે કર્યો છે. અને એ જ મહાન કામયાબી છે." *(આયત–૧૧૧, સૂરએ તૌબા, પારા–૧૧)*

**(૧૮)** "અલ્લાહે મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓ અને કાફિરોને જહન્નમની આગનો વાયદો આપ્યો છે જેમાં હમેશાં રહેશે તે એમના માટે બસ છે. અને અલ્લાહની એમના ઉપર લઅનત છે અને એમના માટે કાયમ રહેનારો અઝાબ છે." *(આયત–૬૭, સૂરએ તૌબા, પારા–૧૦)*

**(૧૯)** "હે નબી ! મુસલમાનોને જેહાદની તરગીબ (ઉત્તેજન, આકર્ષણ, લાલચ) આપો, જો તમારામાંના વીસ સબ્રવાળા હશે તો બસો પર ગાલિબ થશે. જો તમારામાંના સો હોય તો કાફિરોના હજાર પર ગાલિબ આવશે, એટલા માટે કે તેઓ સમજ નથી ધરાવતા." *(આયત–૬૫, સૂરએ અન્ફાલ, પારા–૧૦)*

**(૨૦)** "હે ઈમાનવાળાઓ ! યહૂદી તથા ઈસાઈને દોસ્ત ન બનાવો ! તેઓ આપસમાં એકબીજાના દોસ્ત છે. અને તમારામાંથી જે

કોઈ તેમની સાથે દોસ્તી રાખશે તો તે તેઓમાંથી છે, બેશક ! અલ્લાહ અન્યાયીઓને માર્ગ નથી આપતો." *(આયત–૫૧, સૂરએ માઈદા, પારા–૬)*

**(૨૧)** "લડો એમની સાથે જેઓ ઈમાન નથી લાવતા અલ્લાહ પર અને કિયામત પર અને હરામ નથી માનતા એ ચીજને જેને હરામ કરી અલ્લાહ અને તેના રસૂલે અને સાચા ધર્મના તાબે નથી થતા, એટલે તેઓ જેઓને કિતાબ આપવામાં આવી જ્યાં સુધી પોતાના હાથ વડે જિઝયો (ટેક્ષ) ન આપે તાબે થઈને. *(આયત–૨૯, સૂરએ તૌબા, પારા–૧૦)*

**(૨૨)** "અને તેઓ જેમણે દા'વો કર્યો કે અમે ઈસાઈ છીએ, અમે તેમનાથી વાયદો લીધો તો તેઓ ભૂલાવી બેઠા મોટો હિસ્સો તે નસીહતોનો જે તેમને આપવામાં આવી. તો અમે તેમની આપસમાં કિયામતના દિવસ સુધી અદાવત તથા દુશ્મની નાખી દીધી અને નજીકમાં અલ્લાહ તેમને બતાવી દેશે જે કાંઈ તેઓ કરતા હતા." *(આયત–૧૪, સૂરએ માઈદા, પારા–૬)*

**(૨૩)** "તેઓ તો એવું ચાહે છે કે ક્યાંક તમે પણ કાફિર થઈ જાવ જેવા તેઓ કાફિર થયા તો તમે સૌ એક થઈ જાવ, જેથી એમનામાંથી કોઈને દોસ્ત ન બનાવો જ્યાં સુધી અલ્લાહની રાહમાં ઘરબાર ન છોડે. પછી જો તેઓ મોઢું ફેરવે તો તેમને પકડો અને જ્યાં પામો કત્લ કરો. અને એમનામાંથી કોઈને દોસ્ત ન ઠરાવો ન મદદગાર." *(આયત–૮૯, સૂરએ નિસાઅ, પારા–૫)*

**(૨૪)** "તો એમની સાથે લડો અલ્લાહ એમને અઝાબ આપશે તમારા હાથો વડે અને તેમને રુસ્વા કરશે અને તમને એના પર મદદ આપશે અને ઈમાનવાળાઓનાં દિલ ઠંડાં કરશે." *(આયત–૧૪, સૂરએ તૌબા, પારા–૧૦)*

ઉપરોકત મુબારક આયતો જે પ્રસંગો પર ઉતરી પયગંબરે ઈસ્લામ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ એ અને સહાબાએ કિરામે **તેનો જ ભાવાર્થ** તથા **મતલબ સમજ્યો** અને અન્ય લોકોને **સમજાવ્યો**, મુફસ્સિરો (તફસીર વેત્તાઓ)એ તથા આલિમોએ પોતાની કિતાબોમાં **તેની જે તફસીર તથા સ્પષ્ટતા તથા ખુલાસા કર્યા તેના જ્ઞાન અભ્યાસ વિના પોતાના મતલબની અડધી પડધી વાત કરવી** અને અન્ય





હજારો કુર્આની આયતો તથા નબવી હદીષોને પીઠ પાછળ રાખીને ગમે તેમ બકવાસ કરવો એ ન્યાય તથા પ્રમાણિકતાથી દૂર અને કેવળ આક્ષેપબાજી તથા બુરી વૃત્તિ છે, જેનું પ્રદર્શન સંઘ પરિવાર તરફથી અલલ એલાન અને વારંવાર થઈ રહ્યું છે. અહીં જે ક્રમ સાથે વિ□ હિંદુ પરિષદે આયતો એકત્ર કરી છે તે ક્રમથી અલગ હટીને દરેક આયતના વિશે નબંરવાર કુર્આનનો ખરો ભાવાર્થ રજુ કરવાની એક નાની સરખી અને સંક્ષિપ્તમાં કોશિશ કરવામાં આવે છે. વાંચકો એનો ચિંતન મનન સાથે અને નિષ્પક્ષપણે ગંભીરતાપૂર્વક અભ્યાસ કરે :–

## આયતોનો ખરો ભાવાર્થ તથા ખુલાસો

**નંબર–૧૯** : સૂરએ અન્ફાલની રજુ કરેલી આયત ૬૫ થી જોડાયેલ આગલી આયત ૬૬ માં અલ્લાહે પોતાના ફઝ્લો કરમથી મુકાબલામાં આવનારાઓની સંખ્યામાં ઘટાડો કરતાં ફર્માવ્યું :–

"તો જો તમારામાંના સો સબ્રવાળા હોય બસો પર ગાલિબ આવશે (સરસાઈ પામશે) અને જો તમારામાંના એક હજાર હોય તો બે હજાર પર ગાલિબ આવશે અલ્લાહના હુકમથી." *(આયત–૬૬, સૂરએ અન્ફાલ)* એટલે કે અલ્લાહે સંખ્યામાં ઘટાડો કરીને એક અને દસનો સંબંધ કમ કરીને એક અને બેનો સંબંધ કરી આપ્યો.

આ સૂરએ અન્ફાલ મદીનામાં નાઝિલ થઈ, જ્યારે મક્કાના લોકોએ મુસલમાનોની જિંદગી મુશ્કેલ કરી આપી હતી અને રાતોરાત ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ને હિજરત કરીને મદીના જવુ પડયું હતું. મક્કાવાળા વિરોધીઓ મદીનામાં પણ મુસલમાનોને ચૈનથી જીવવા દેતા ન હતા, પ્રપંચ, ફિત્નો તથા પીછો કરીને ત્યાંથી પણ તેમને કાઢવા તથા કઢાવવા ચાહતા હતા, એટલે સુધી કે મોટી સંખ્યામાં શસ્ત્ર સરંજામની સાથે મદીના પહોંચીને તેમના પર હુમ્લો પણ કરી આપ્યો. સર સામાન વિનાના મુસલમાન તેમના મુકાબલામાં જ્યારે આવ્યા તો તેઓની કુલ સંખ્યા ૩૧૩ હતી. તે જંગનું નામ ગઝવાએ બદર છે જે ઈસ્લામી ઈતિહાસનો પ્રથમ જંગ છે. એ લડાઈથી પહેલાં ઉપરોક્ત

આયતો ઉતરી જેમાં પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહે હુકમ આપ્યો કે તમે આ થોડી સંખ્યાવાળા મુસલમાનોને મુકાબલા માટે તૈયાર તથા પ્રોત્સાહિત કરો, તેમનામાં ઉત્સાહ તથા હિંમત પેદા કરો, તેમનો હોંસલો વધારો. ઈમાની તથા રૂહાની શક્તિ વડે જ્યારે તેઓ હુમ્લાખોરો સમક્ષ આવશે તો તેમાંનો એક જ એમના બેના મુકાબલામાં પૂરતો થઈ પડશે. અને અલ્લાહની મદદથી અશક્ય નથી કે એનાથી વધારે લોકો પર પણ એક જ મુજાહિદ ભારે પડી જાય.

આજની કે કાલની દુનિયા આંખો ખોલીને જુએ અને જણાવે કે જો દુશ્મનની ફૌજ લડાઈની તૈયારી કરી રહી હોય, ચઢાઈના માટે કૂચ કરી રહી હોય, તેના ઘોડા હણહણાટી બોલાવી રહ્યા હોય, તેના હાથી છીંકારી રહ્યા હોય, તેમની તલ્વાર તથા ભાલા ચમકી રહ્યા હોય, તેમની બંદૂકો તથા મશીનગનો આગ ઓકવા અને તેની તોપોનાં મુખ લાશોનાં ચિથડાં ઉડાડવાના માટે વ્યાકૂળ હોય અને વિરોધી લશ્કર કતારબંધ ઉભુ રહીને આંખો દેખાડી રહ્યું હોય, તો પછી તે સમયે પોતાના માણસો પોતાના જવાનો અને પોતાના વૃધ્ધોના સીનામાં હિંમત તથા બહાદુરીની સાથે મુકાબલો અને જંગનો ઈરાદો તથા હોંસલો ન પેદા કરવામાં આવે તો પછી શું કરવામાં આવે ? અને જે એવું ન કરી શકે તે કૌમ તથા દેશની દીની તથા કૌમી તથા મુલ્કી તથા મિલ્લી ગૈરત (શરમ)ને કયા ખાડા તથા ખાઈમાં નાખવામાં આવશે ?!

૧૪૦૦ વરસ પહેલાં નહીં બલ્કે આજની ૨૧ મી સદી ઈસ્વીમાં દુનિયાનો કયો દેશ, કઈ જાતી, કયો કબીલો અને કયો ધર્મ છે જે વિના કશા પ્રતિકારે પોતાના દુશ્મનની સામે નમન કરીને પોતાના અસ્તિત્વનો નાશ કરવા તૈયાર છે ?!

**નં. ૧૪ :** સૂરએ તહરીમ પણ મક્કાથી હિજરત પછી મદીનામાં જ નાઝિલ થઈ (ઉતરી) જ્યારે કે મુસલમાન પોતાના કપરા તથા કઠિન દિવસો કાપી રહ્યા હતા. તેની આયત ૯ માં કાફિરો તથા મુનાફિકો માટે આપવામાં આવેલો જેહાદનો હુકમ પણ અગાઉ જેમ જ છે. તેઓની સાથે સખ્તાઈપૂર્વક વર્તવું અને તેમની ચાલો નિષ્ફળ બનાવવું જરૂરી હતું. તેમની





આંત્રિક તથા બાહ્ય સાઝિશો મુસલમાનોના હક્કમાં દિન પ્રતિ દિન ખતરો બનતી જઈ રહી હતી, જેને બ્રેક લગાડવી સમયની સખ્ત માંગ હતી. અને સ્પષ્ટ છે કે અલ્લાહ તથા રસૂલના નાફર્માનો અને કુર્આનનો ઈન્કાર કરનારાઓનો અંજામ જહન્નમ જ છે અને જહન્નમમાં જવા કરતાં અધિક બુરો અંજામ શો હોઈ શકે છે ?!

**નં. ૭ :** સૂરએ તૌબાની આયત ૩૭ ની તફસીર એ છે કે અરબવાસીઓ જેઓ લડાઈના આદી હતા તેઓ હુર્મતવાળા મહીનાઓ (એટલે ઝી કઅદા, ઝીલ હજ્જ, મુહર્રમ, રજબ)માં જ્યારે પોતાની ઈચ્છા અને દુનિયાવી લાભના માટે કોઈ વિરોધી કબીલા સાથે જંગ કરવા ચાહતા હતા તો એક મહીનાની હુર્મત બીજા મહીના પર હટાવવા લાગ્યા અને પોતાની ઈચ્છાથી જે મહીનાને ચાહતા તેને હુર્મતવાળો મહીનો બનાવી લેતા. તેને અરબી ભાષામાં "નસીઅ" કહેવામાં આવે છે. કુર્આને કહ્યું કે આ રીતે જાતે પોતે કોઈ મહીનાને હલાલ કે હરામ ઠરાવી લેવું તેમની અન્ય કુફ્રી માન્યતાઓની જેમ એ પણ એક હરક્ત છે. લોભ લાલચની પટ્ટી તેમની આંખો પર પડી ગઈ છે અને એઓ માર્ગથી ભટકી ચૂકયા છે. તેમની બદ્નિય્યતીના કારણે અલ્લાહ તઆલાએ તેમને સહીહ માર્ગ નથી દેખાડયો કેમ કે તેઓ કુફ્ર કરવા અને તેના પર હઠાગ્રહ કરનારાઓને માર્ગ નથી દેખાડતો.

વાત તદ્દન સીધી છે કે હક્ક તથા હિદાયત તથા સવાબ દરેક માણસનો હિસ્સો નથી. કુફ્ર તથા શિર્કની ગંદકીથી અલ્લાહ જ જેને ચાહે તેને કાઢે. એ સર્વ કાંઈ અલ્લાહની જ ઈચ્છા તથા મરજી પર અવલંબિત છે. માનવ વંશમાં દરેક પ્રકાર દરેક ઢબ દરેક રંગના માનવો કાલે પણ હતા અને આજે પણ છે. સહીહ માર્ગ પર પણ છે અને ગુમરાહ પણ છે. હિદાયત તથા ગુમરાહીની સ્પષ્ટતા કરીને અલ્લાહે માનવીને અધિકાર આપી દીધો કે તે જેને ઈચ્છે તેને અપનાવે ! જેની પ્રકૃતિ સારી હોય છે, દિલ નેક હોય છે તે અલ્લાહની તૌફીકથી હક્ક તથા હિદાયતને અપનાવી લે છે. અને જેની ફિતરત (પ્રકૃતિ) હિદાયતના નૂરથી વંચિત હોય છે તે ગુમરાહીની ચુંગાલમાં ફસાયેલો રહે છે. અલ્લાહની રહમતની નજર પણ તેના તરફ થતી નથી.

**નં. ૧-૪-૨૪ :** સૂરએ તૌબા મદીનામાં નાઝિલ થઈ (ઉતરી) મુસલમાનો અને મુશ્રિકોની વચ્ચે કરાર હતો અને મુશ્રિકોએ કરાર ભંગ કરીને તેને તોડી નાખ્યો. થોડાક મુશ્રિકોએ કરારભંગ નથી કર્યો. એવા જ કરાર ભંગ કરનારા અને લડવા તૈયાર મુશ્રિકોના વિશે આ હુકમ છે કે તેમને જ્યાં પામો ત્યાં મારો. અને કરાર (વાયદા)ના પાબંદ મુશ્રિકો માટે કુર્આન ફર્માવે છે :–

"પણ તે મુશ્રિક જેમની સાથે તમારો કરાર હતો પછી તેમણે તમારા કરારમાં કાંઈ કમી ન કરી અને તમારા મુકાબલામાં કોઈને મદદ ન આપી તો તેમનો કરાર ઠરાવેલી મુદ્દત સુધી પૂરો કરો. બેશક ! અલ્લાહ પરહેઝગારોને દોસ્ત રાખે છે. *(આયત–૪, સૂરએ તૌબા, પારા–૧૦)*

એના પછી જ તે આયત છે જેને વિ□ હિંદુ પરિષદની વર્ણન કરેલી યાદીમાં **ન. ૧** પર રાખવામાં આવેલી છે કે, "મુશ્રિકોને જ્યાં પામો પકડો કૈદ કરો, દરેક જગ્યાએ તેમની તાકમાં બેસો." આ હુકમ કરાર ભંગ, બગાવત તથા સરકશી, ખૂદ જંગ કરવા તથા અન્ય કોઈ દુશ્મનને મદદ કરવાના કારણે છે. અને કરાર મુજબ વાયદો પૂરો કરનારાઓની સાથે કરારની મુદ્દત પૂર્ણ કરવાનો હુકમ છે. વધુમાં કુર્આને એ પણ કહ્યું કે :–

"જો કોઈ મુશ્રિક તમારાથી પનાહ (શરણ) માંગે તો તેને આપો કે તે અલ્લાહનું કલામ સાંભળે પછી તેને અમાનની જગાએ પહોંચાડી આપો. *(આયત–૬, સૂરએ તૌબા, પારા–૧૦)*

નજીકના કાફિરો સાથે લડવાના બારામાં વિહિપની યાદીના **નં. ૪** માં જે હુકમ છે તેનો મલતબ એ છે કે દૂર તથા નજીકના કાફિરોમાં સૌની સાથે એક જ સાથે જંગ નથી કરી શકાતો. નજીકના તે લોકો જે તમારી દુશ્મની માટે તૈયાર છે, તમારા માર્ગમાં કાંટા બિછાવી રહ્યા છે, તમારા પયગામો સાથે ઠઠ્ઠા મશ્કરી કરી રહ્યા છે, તમારું અપમાન તથા તૌહીન કરી રહ્યા છે, તમારા દોસ્તોને તંગ કરી રહ્યા છે અને તમારા દુશ્મનો સાથે મળી ગયેલા છે, પ્રથમ તેમની સુધારણા કરી લો, તેમની સાથે નિપટી લો, પછી આગળની વાત સોચો. યાદી **નં. ૨૪** માં આવા જ દુશ્મનો સાથે





લડવાનો હુકમ છે, જેના બાદ તેઓ તાબામાં આવશે અને બેઈજ્જત થશે. મુસલમાનોને અલ્લાહની મદદ મળશે અને તેમનાં દિલો ઠંડાં થશે.

મક્કાની ફતહના એક વરસ પછી હિ.સ. ૯ માં સૂરએ તૌબા ઉતરી છે, દસ ઝુલ હજ્જએ મક્કાની નજીક જમરાએ ઉકબા (મોટા શૈતાન)ની પાસે ચોથા ખલીફા હઝરત અલી મુર્તઝાએ સૂરએ તૌબાની ત્રીસ કે ચાળીસ આયતો તિલાવત કરી અને મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ ચાર પયગામો હાજીઓને પહોંચાડયા.

"તે વરસ પછી કોઈ મુશ્રિક ખાનાએ કા'બાની પાસે ન આવે, કોઈ વ્યકિત નગ્ન થઈને ખાનાએ કા'બાનો તવાફ ન કરે. જન્નતમાં કેવળ ઈમાનવાળા દાખલ થશે. રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે જેમનો કરાર છે તે કરાર પોતાની મુદ્દત સુધી રહેશે અને જેની કોઈ મુદ્દત નિશ્ચિત નથી તેની હદ ચાર માસ પર પૂર્ણ થઈ જશે."

મુશ્રિકોએ આ સાંભળી કહ્યું, હે અલી ! તમારા કાકાના પુત્ર (પયગંબરે ઈસ્લામ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم)ને ખબર આપી દો કે અમે કરાર પીઠ પાછળ રાખી દીધો છે. નેઝાબાઝી તથા તલ્વારબાઝી સિવાય અમારી અને તેમની વચ્ચે કોઈ કરાર નથી.

નેઝાબાઝી તથા તલ્વારબાઝીની ચેલેન્જ આપીને લડાઈ ઉભી કરનારાઓ અને જંગના મેદાનની તરફ કદમ વધારીને આગ અને લોહીની વર્ષા કરનારાઓ સાથે ન દોસ્તીનો હાથ મિલાવવામાં આવે છે ન તો તેમના ગળામાં ફૂલોની માળા લાદવામાં આવે છે. બલ્કે આગળ વધીને તેની સાથે ટક્કર લેવામાં આવે છે અને પોતાની તલ્વારથી અને બની શકે તો તેની તલ્વારથી તેમની ગરદન ઉડાડી દેવામાં આવે છે, આ એક સામાન્ય નિયમ જંગનો છે. અને આખા વિ□ની બહાદુર તથા ગૈરતમંદ (સ્વમાની) જાતીઓ આ જ નિયમ પર અમલ કરી રહેલી છે. કાલે પણ એ જ ઉસૂલ હતો અને આજે પણ એ જ નિયમ છે, અને ભવિષ્યમાં પણ આ જ નિયમ વિ□ભરમાં ચાલતો અને કામ કરતો રહેશે.

**નં. ૯ :** સૂરએ અહઝાબની આયત નં. ૬૧ અને ૬૨ જેનો તર્જુમો એ યાદીના **નંબર ૯** માં નોંધેલ છે, આ બંને આયતોની પહેલીવાળી

આયત પણ નકલ કરી આપવામાં આવત તો વાત સાફ થઈ જાત, પણ કટ્ટરવાદી તત્વો અને ઈસ્લામ દુશ્મન તાકતોને તો બદ્‌ગુમાની ફેલાવી અને વિખવાદ ઉભો કરીને આમ તથા ખાસ લોકોમાં અજંપો પેદા કરવો છે એટલા માટે તેઓ પૂરી વાત શાથી નકલ કરે ? તે આયત આ છે :–

"અને જો ઠેકાણે ન આવ્યા મુનાફિક અને જેમનાં દિલોમાં બિમારી છે અને મદીનાની અંદર જૂઠ ઉડાડનારા, તો જરૂર અમે તેમના પર ઢીલ આપીશુ તો મદીનામાં તમારી પાસે થોડાક દિવસો રહેવા પામશે." *(આયત–૬૦, સૂરએ અહઝાબ)*

મદીનામાં રહીને જે લોકો મુસલમાનો વચ્ચે વિખવાદ પેદા કરવાની કોશિશ કરશે, જૂઠી ખબર ફેલાવશે, અફવા ફેલાવશે કે મુસલમાનોની હાર થવાની છે, તેમની પાસે કોઈ શક્તિ નથી, તેઓ કમજોર તથા બેઅસર છે. અને દુશ્મનનું લશ્કર ચઢાઈ કરતુ આવી રહ્યું હોય તો જાહેર છે કે એવા મુનાફિક પ્રપંચી લોકોનો અંજામ એ જ થશે કે તેમનો ખાત્મો કરી દેવામાં આવે. ચેતવણી તથા હિદાયત કરવા છતાં પોતાની હરક્તોથી દૂર ન રહેનારા મુનાફિક આ જ સજાના હકદાર છે. આગલી ઉમ્મતોમાં પણ એ જ દસ્તૂર હતો, અત્યારે પણ એ જ દસ્તૂર ચાલે છે અને એનામાં ભાવિમાં પણ કોઈ તબદીલી આવશે નહીં.

એ મુનાફિકોએ એવી એવી દગાબાજીઓ તથા પ્રપંચો કર્યા કે મુસલમાનોનું જીવન તંગ કરી મૂકયું હતું. ગઝવએ ઓહદમાં રઈસુલ મુનાફિકીન અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુસલમાનોની સાથે જંગના મેદાનની નજીક ગયો અને પછી ખતરનાક સંજોગોમાં સાથ છોડીને પોતાના ૩૦૦ માણસો લઈને ત્યાંથી અલગ થઈ ગયો. ગઝવએ ખંદકના મોકા પર જયારે કે દસ હજાર દુશ્મનોનું વિશાળ લશ્કર મુસલમાનોના મુકાબલામાં હતું. આ જ મુનાફિકો એવી રીતે મુસલમાનોમાં બદ્ દિલી ફેલાવવાની કોશિશ કરી રહ્યા હતા કે :–

"અને જયારે કહેવા લાગ્યા મુનાફિક તથા જેમના દિલમાં બિમારી હતી કે અલ્લાહ અને તેના રસૂલનો વાયદો એક ધોકો હતો. અને જયારે તે મુનાફિકોના એક ગિરોહે કહ્યું કે, હે મદીનાવાસીઓ ! અહીં તમારે રોકાવાની





જગા નથી, તમે ઘરોએ પાછા ચાલો. અને તેમનામાંથી એક ગિરોહ નબી પાસે પાછા ફરવાની ઈજાઝત માંગી રહ્યો હતો કે અમારાં ઘરો રક્ષા વિનાનાં છે જયારે કે તે રક્ષા વિનાનાં ન હતાં. આ મુનાફિકો તો બસ ભાગવા ચાહતા હતા." *(આયત–૧૨, સૂ. અહઝાબ, પારા–૨૨)*

**નં. ૨૧ :** સૂરએ તૌબાની આયત–૨૯ની અંદર અહલે કિતાબ સાથે લડવાનો હુકમ છે જેઓ ન અલ્લાહને માને ન કિયામતના દિવસને માને ન અલ્લાહ વ રસૂલના હરામ કરેલાને માને ન હક્ક ધર્મનું અનુસરણ કરે. સાથોસાથ ફિત્ના તથા ફસાદ તથા બુરી પ્રવૃત્તિઓ માટે પણ તૈયાર હોય. અને એ જ આયતના અંતમાં તેમની પાસેથી જિઝિયો (ટેક્ષ) લેવાનો પણ ઈર્શાદ છે. યહૂદી તથા નસારા (ઈસાઈ) જેઓ અહલે કિતાબ છે તેમણે હઝરત ઉઝૈર અને હઝરત ઈસાને અલ્લાહના બેટા સમજ્યા અને સાથોસાથ તેમને ખુદા માનવાનો અકીદો પણ ઘડી લીધો હતો. અલ્લાહે જે રીતે પોતાના પયગંબરો પર ઈમાન લાવવાનો હુકમ આપ્યો છે એમાં કોઈ પ્રકારનો ફેરફાર કરનારાઓનું ઈમાન વિ□ાસપાત્ર નથી.

મદીના તયબહ્ અને મક્કા મુકર્રમામાં જયારે સંપૂર્ણપણે મુસલમાનોનું વર્ચસ્વ થઈ ગયું અને આ અહલે કિતાબ હસદ તથા કીના તથા અદાવત તેમજ નિફાક અને અદાવત તથા સાઝિશની પોતાની ચળવળથી દૂર ન થયા તો તેમના માટે હુકમ થયો કે તેઓ અહીં હવે પોતાની પૂરાણી રવિશથી દૂર થઈ જાય, શાંતિ તથા સલામતીની સાથે રહે, તેમની સાથે કોઈ જબરદસ્તી થશે નહીં. **ઈમાન નથી સ્વીકારતા તો એ તેમના ઈખ્તિયારની વાત છે.** હા ! તેમની રક્ષાના માટે હવે તેઓ **જિઝિયાવેરો અદા કરે અને તેમની સંપૂર્ણ જિમ્મેદારી, તેમના જાન, માલ, ઈજ્જત તથા આબરૂની રક્ષા અમારી જિમ્મેદારીમાં રહેશે.**

જિઝિયાવેરો તથા ખિરાજ (ટેક્ષ)ની અદાયગીમાં જો ઝિમ્મી કાફિર કાંઈક મોડુ કરે અથવા અટકી જાય તો પણ તેમને શારીરિક ઈજા આપવામાં આવતી ન હતી, જયારે કે **ઝકાત** તથા **ઉશ્ર** (ખેતીની ઝકાત)ની અદાયગીમાં કોઈ સાહિબે નિસાબ મુસલમાન તેમ કરતો તો તેની સાથે પૂરી સખ્તી વર્તવામાં આવતી હતી. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمة الله ના પ્રિય

શાગિર્દ કાઝીયુલ કઝા ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ લખે છે :–

"એક સહાબી હકીમ ઈબ્ને હેશામે હમ્સના ગવર્નરને જોયો કે જિઝયાની અદાયગીના બારામાં તેણે અમુક લોકોને તાપમાં ઉભા રાખેલા છે તો તેમણે કહ્યું, "આ શું છે ? મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ને કહેતાં સાંભળ્યું છે કે જે લોકોને દુનિયામાં તકલીફ પહોંચાડશે અલ્લાહ તઆલા તેઓને આખેરતમાં અઝાબ પહોંચાડશે." *(કિતાબુલ ખિરાજ, પેજ–૧૧૫, સુનને બયહકી, ભાગ–૯, પેજ–૨૦૫)*

ચોથા ખલીફા હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ એ ખિરાજ (ટેક્ષ) વસૂલ કરનારા એક અફસરને લેખિત નોટીસ આપી હતી કે :–

"જ્યારે તમે તેમની પાસે પહોંચો તો તેમને શિયાળા તથા ઉનાળાનાં કપડાં અને ખાવાની ચીજો ન વેચાવશો, ન તેમની જરૂરતના જાનવરોને લેશો ન તેમનાંથી કોઈને એક કોરડો મારશો. ન માંગણી માટે તેમને પગો પર ઉભા કરશો ન ખિરાજના સિલસિલામાં તેમના કોઈ માલને વેચશો. કેમ કે આપણને હુકમ આપવામાં આવ્યો છે કે તેમની પાસેથી જરૂરિયાતથી વધારાના સામાનમાંથી લેશો. જો તમે એ હુકમની વિરૂધ્ધ વર્તન કર્યું તો મારાથી પહેલાં અલ્લાહ તમને પકડશે અને જો મારા સુધી એના વિરૂધ્ધ વર્તનની વાત પહોંચી તો હું તમને બરતરફ કરી દઈશ.

અફસરે કહ્યું કે, તો તો હું એવી રીતે (ખાલી હાથ) પાછો ફરીશ જેવી રીતે જઈ રહ્યો, છું ! આપે ફર્માવ્યું, ભલે ખાલી હાથે આ જ રીતે પાછા આવવું પડે." *(કિતાબુલ ખિરાજ, પેજ–૧૧૬, સુનને બયહકી, ભાગ–૯, પેજ–૨૦૫)*

જાણી લેશો કે ઈસ્લામના વર્ચસ્વ પછી ઝકાત તથા જિઝિયા વેરાની વસૂલાત માટે હુકૂમત તરફથી એક વ્યવસ્થા સ્થાપિત કરેલી હતી. હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂકે, હઝરત ઉષ્માનગની, હઝરત અલી મુર્તઝા જેમને ખુલફાએ રાશિદીન કહેવામાં આવે છે, તેમના ખિલાફતકાળ માં બયતુલ માલ થકી તેની વસૂલાતની વ્યવસ્થા હતી. જે મુસલમાનો પર ઝકાત ફર્ઝ હતી તેને હુકૂમતના જિમ્મેદાર જેમને આમિલ તથા ઝકાત જમા કરનારા કહેવામાં આવતુ હતું તેઓ વિવિધ વિસ્તારોમાં નિયુક્ત થયેલા





હતા જેઓ શક્તિશાળી અને સાહિબે નિસાબ મુસલમાનો પાસેથી ઝકાત તથા ઉશ્ર વસૂલ કરીને બયતુલ માલમાં જમા કરતા હતા અને પછી તેને હકદારોમાં વહેંચવામાં આવતુ હતું. એ જ પ્રમાણે જિઝિયા વેરો પણ ગૈર મુસ્લિમ પ્રજા પાસેથી દર વરસે ઉઘરાવવામાં આવતો હતો. પછી બાદના દૌરમાં ઝકાત તથા જિઝિયાની આ વસૂલાતની વ્યવસ્થા ઢીલી પડતી ગઈ જ્યારે ઈસ્લામી સલ્તનતની સરહદો ઘણી વિશાળ તથા વિસ્તૃત થઈ રહી હતી. હવે સદીઓથી બયતુલ માલ અને હુકૂમતની કક્ષાએ આવી કોઈ વસૂલાતની કોઈ પણ મુસ્લિમ દેશમાં કોઈ બંધારણ કે વ્યવસ્થા નથી. અત્યારે દુનિયામાં ડઝનબંધી મુસ્લિમ દેશો છે છતાં ક્યાંય પણ કોઈ રીતે બળપૂર્વક કે રાજીખુશીથી દરેક શક્તિશાળી મુસલમાન પાસેથી ઝકાતની વસૂલાત કરવાની વ્યવસ્થા છે ન તો કોઈ એક પણ ગૈર મુસ્લિમ પાસેથી કોઈ જિઝિયાવેરો લેવામાં આવે છે.

**નં. ૨** : અહલે કિતાબના બારામાં વર્ણન થયેલ આયતથી પહેલાની આયત–૨૮, સૂરએ તૌબામાં કહેવામાં આવ્યું છે કે મુશ્રિક નજિસ (નાપાક) છે એટલા માટે મસ્જિદે હરામની પાસે ન આવે. જો અમુક લોકો એવું વિચારતા હોય કે હજ્જના મૌસમમાં આ મુશ્રિકોના ન આવવાથી કાંઈક વ્યાપારિક તથા આર્થિક ફરક પડશે તો તેમની આ સોચ સહીહ નથી. અલ્લાહ તઆલા પોતાના ફઝ્લ અને રહ્મતની વર્ષાથી મુસલમાનોને નવાઝતો રહેશે. અલ્લાહ તબારક વ તઆલા કાયનાતનો ખાલિક તથા માલિક છે. તે વાજિબુલ વજૂદ તથા એક એકલો છે. તેની જાત તથા સિફતો (ખૂબીઓ)માં કોઈ ભાગીદાર નથી. કોઈને અલ્લાહનો ભાગીદાર સમજવો એ દિલી તથા આંત્રિક ગંદકી છે અને મુશ્રિક આ ગંદકીમાં સપડાયેલો છે, જેથી તેઓ આંત્રિક રીતે નાપાક છે. અલ્લાહ તબારક વ તઆલા શિર્કને કોઈપણ રીતે માન્ય કરતો નથી. શિર્કને કુર્આનમાં મહાન જુલ્મ કહેવામાં આવેલ છે. અને આ પણ એ જ કુર્આનમાં આવ્યું છે કે અલ્લાહ તઆલા શિર્ક તથા કુફ્રને કદાપિ માફ કરશે નહીં, આ ગુનાહના સિવાય જેને ચાહે તે માફ કરી આપે.

કુફ્રના પ્રકારોમાં શિર્ક સૌથી બદ્તરીન પ્રકાર છે. અલ્લાહની જાત

અથવા તેની કોઈ સિફત (ગુણ, ખૂબી)માં ગૈરુલ્લાહને શરીક (ભાગીદાર) કરવો અલ્લાહની નાફર્માની તથા બગાવત તથા સરકશી છે. આ શિર્ક મહાન જુલ્મ છે. અને શિર્ક તથા કુફ્રના બારામાં કુર્આને અ'ઝીમ ફર્માવે છે :–

"બેશક ! અલ્લાહ એને નથી બખ્શતો કે એની સાથે કુફ્ર કરવામાં આવે અને કુફ્રની નીચે જે કાંઈ છે એમાંથી તે જેને ચાહે છે માફ કરી આપે છે. અને જેણે અલ્લાહની સાથે કાંઈ શિર્ક કર્યું તેણે મહાન ગુનાહનું તોફાન બાંધ્યું." *(આયત–૪૮, સૂરએ નિસાઅ, પારા–૫)*

સાફ શબ્દોમાં કુર્આની હુકમ એ છે કે :–

"અને અલ્લાહની ઈબાદત કરો અને કોઈને તેનો ભાગીદાર ન ઠરાવો." (આયત–૩૬, સૂરએ નિસાઅ, પારા–૫)

"અને કહો સૌ ખૂબીઓ અલ્લાહની છે જેની કોઈ ઔલાદ નથી અને જેની માલિકીમાં કોઈ શરીક (ભાગીદાર) નથી." *(આયત–૧૧૧, સૂરએ બની ઈસ્રાઈલ, પારા–૧૫)*

**નં. ૨૦ :** સૂરએ માઈદાની આયત નં. ૫૧ માં બતાવવામાં આવ્યું છે કે, "યહૂદી તથા ઈસાઈઓ સાથે આપસમાં મિત્રતા તથા દિલી મહોબ્બત ન રાખો, જે એઓની સાથે એવો વહેવાર રાખશે તો તેઓમાંથી સમજવામાં આવશે."

મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય યહૂદીઓ સાથે ગાઢ મિત્રતા રાખતો હતો. કેમ કે મુનાફિક અને યહૂદી બંનેની ઈસ્લામ પ્રતિ દુશ્મની લગભગ એક સમાન હતી અને નસારા (ઈસાઈ) પણ એવી જ વિચારસરણી ધરાવતા હતા. કુર્આને હુકમ આપ્યો કે તેઓની સાથે મહોબ્બત તથા મિત્રતાનો લગાવ રાખવામાં ન આવે, કે તેઓ એકબીજા સાથે હરીમળીને ઈસ્લામની વિરૂધ્ધ ષડયંત્ર ઘડતા રહે છે. **પોતાના વિરૂધ્ધ સાઝિશ કરનાર દુશ્મન સાથે જાણવા છતાંય ન કાલે કોઈ વ્યક્તિ દિલથી મહોબ્બત રાખતો હતો અને ન તો આજે કોઈ પણ વ્યક્તિ તેને માન્ય રાખી શકે છે.**

**નં. ૨૨ :** સૂરએ માઈદાની આયત નંબર ૧૪ માં દર્શાવવામાં





આવ્યું છે કે ઈસાઈઓએ પોતાના પયગંબર અને તેમના પર ઉતરનારી કિતાબને માનવા અને તેના હુકમો પર અમલ કરવાનો જે વાયદો તથા વચન આપ્યું હતું તેને તોડી નાખ્યું, રસૂલોની નાફર્માની કરી અને ઈન્જીલ પર અમલ કરવાનું ત્યજી દીધું. એટલે સુધી કે તેની અંદર ફેરફાર તથા ઉમેરો પણ કરી નાખ્યો. તેમનો આ ગુસ્તાખીપૂર્ણ અમલ અલ્લાહની નારાજગીનો સબબ બન્યો અને અલ્લાહની રહમતની નજર તેમના તરફથી ફરી ગઈ અને તેમની બદનસીબીથી તેમની વચ્ચે કીનો તથા અદાવતની ભાવના પેદા કરી દેવામાં આવી જેને તેઓ કિયામત સુધી ભોગવતા રહેશે.

**નં. ૧૨–૧૩ :** સૂરએ અન્ફાલની આયત–૬૯ અને સૂરએ ફતહની આયત ૨૦ ની અંદર માલે ગનીમતનો ઉલ્લેખ છે કે અલ્લાહે તેને તમારા માટે હલાલ તથા પાકીઝા (પવિત્ર) બનાવી દીધો છે. જેહાદમાં દુશ્મન જે માલ સામાન છોડીને ભાગી છૂટયા હોય તે માલ સામાનને માલે ગનીમત કહેવામાં આવે છે, જેને લેવું અને પોતાના વપરાશમાં લેવું જાઈઝ છે પરંતુ કેવળ દુનિયાવી લાલચ અને માલે ગનીમતની નિય્યત સાથે જેહાદમાં ભાગ લેવો શરીઅતની રૂએ સખ્ત મના તથા સવાબથી મેહરૂમીનો સબબ છે.

ઈસ્લામી દેશ અને દેશવાસીઓની રક્ષાના માટે જો કોઈ જેહાદનો પ્રસંગ ઉપસ્થિત થતો તો તેની સઘળી જિમ્મેદારી મુસલમાનો પર રહેતી હતી. તેનો ખર્ચ કેવળ મુસલમાનો પર ફર્ઝ થતો હતો, ગૈર મુસ્લિમો પર તેના ખર્ચનો કોઈ બોજો પડતો ન હતો.

અહીં હું એ વાતની અધિક સ્પષ્ટતા જરૂરી સમજુ છું કે માલે ગનીમતની પ્રાપ્તિ મુસલમાનોનો કોઈ હેતુ તથા મકસદ ન હોતો અને જેહાદના સર્વ ખર્ચાઓ સહન કરવા ઉપરાંત તેમની પોતાની સંપત્તિ તથા માલમત્તામાં જે ઝકાતની વ્યવસ્થા ચાલે છે તેની સરખામણીમાં જિઝિયાવેરો કોઈ બોજ ન હતો. મુસલમાનોની પાસે જે પાલતુ જાનવરો રહેતાં હતાં તેની ઝકાત ઈસ્લામની હુકૂમતના કાર્યકર્તાઓ વસૂલ કરતા રહેતા હતા, જ્યારે કે ગૈર મુસ્લિમ પોતાનાં પાલતુ જાનવરો ગમે તેટલી સંખ્યામાં પણ રાખતા તો પણ તેમણે તેના બદલામાં હુકૂમતને કાંઈ પણ અદા કરવાનું

રહેતુ ન હતું. વ્યાપારના માલ સિવાય ઝર ઝવેરાત તથા ઘરેણા તથા ઘરવખરી અને લાખો કરોડો રોકડના સ્વરૂપમાં જે કાંઈ પણ હોતું તેમાંથી ગૈર મુસ્લિમે હુકૂમતના માટે કાંઈ પણ આપવું પડતુ ન હતું.

માલદાર મધ્યમ વર્ગ તથા સામાન્ય કમાણી કરનારા ગૈર મુસ્લિમો પાસેથી તેમની મરજી મુજબ એક નિશ્ચિત મામૂલી રકમ વસૂલ કરવામાં આવતી હતી. માલિકે નિસાબ મુસલમાનો પર ઝકાત ફર્ઝ છે અને ખેતીની ઉપજ પર ઉશ્ર (ખેતીની ઝકાત) વાજિબ છે જે ઈસ્લામી હુકૂમત તેમની પાસેથી વસૂલ કર્યા કરતી હતી. હાલમાં જ્યારે કે કોઈ દેશમાં તેની વ્યવસ્થા ચાલુ નથી રહી શકી તેમ છતાં પણ આ બંને ફર્ઝો એટલે **ઝકાત** તથા **ઉશ્ર** મુસલમાનોએ જાતે પોતે અદા કરવાનું છે, ફિત્રો પણ તેમના ઉપર વાજિબ છે, તદ્ઉપરાંત પ્રસંગોપાત કાંઈ ન કાંઈ સદકો ખૈરાત કરતા રહેવું પણ તેમના માટે મુસ્તહબ છે. સોનુ ચાંદી હોય કે વેપારનો માલ હોય અથવા પાલતુ જાનવર હોય, અસલી હાજતથી જે પણ વધારે હોય તેના પર મુસલમાનોએ આજે પણ ઝકાત અદા કરવી પડે છે. આ તેમની પોતાની ખૂદની ધાર્મિક જિમ્મેદારી છે અને જો કોઈ મુસલમાન એવું નથી કરતો અને સાહિબે ઈસ્તેતાઅત (શક્તિશાળી) તથા માલિકે નિસાબ હોવા છતાં ઝકાત તથા ઉશ્ર કાઢીને તેના હક્કદારો સુધી નથી પહોંચાડતો તો પોતાના ઈસ્લામી ફર્ઝની અદાયગીમાં ઉણપ વર્તીને આખેરતની સખત સજા તથા અઝાબને નોંતરે છે.

તોહફાઓ તથા નઝરાણાઓ, મહેસૂલ તથા ટેક્ષ, તેમજ લગાનનાં કેટલાંયે સ્વરૂપો હિંદુસ્તાનમાં પહેલાં પણ ચલણમાં હતાં અને આજે પણ કોઈ ન કોઈ સ્વરૂપમાં મૌજૂદ છે.

અને આ ૨૧ મી સદીમાં પૂર્વગ્રહ તથા પક્ષપાતનો એક નમૂનો આપણા હિંદુસ્તાનમાં એ છે કે બંધારણની રૂએ મુસ્લિમ દલિત એ લાભોથી વંચિત છે જેનાથી હિંદુ દલિત લાભો ઉઠાવીને પોતાની જીવન કક્ષાને ઊંચી કરી રહ્યા છે. આ હિંદના બંધારણની કલમ નં. ૩૪૧ નું પરિણામ તથા ફળ છે. સરકારી મંત્રાલયો તથા કચેરીઓ અને પ્રાઈવેટ સંસ્થાઓ, કંપનીઓમાં મુસલમાનોની સાથે જે ખુલ્લો





પૂર્વગ્રહ તથા અમુક પ્રસંગે તેમની સાથે જે જુલ્મ તથા બળજબરી થાય છે તેની તો એક અલગ દાસ્તાન છે.

**નં. ૩-૬-૮-૨૩ :** સૂરએ નિસાઅ્ની આયત-૧૦૧, સૂરએ તૌબાની આયત-૨૩, સૂરએ માઈદાની આયત-૫૭ અને સૂરએ નિસાઅ્ની આયત-૮૯ ના અંદર દર્શાવવામાં આવ્યું છે કે, "અલ્લાહ તથા રસૂલની સાથે કુફ્ર કરનારા અને ઈસ્લામનો ઈન્કાર કરનારા ભલે તે કિતાબી હોય કે ગૈર કિતાબી હક્ક માર્ગથી ભટકેલા છે, ગુમરાહ છે અને પોતાની ઈસ્લામ દુશ્મનીના કારણે મુસલમાનો સાથે હસદ તથા અદાવત ધરાવે છે. તેમને પોતાના હમદર્દ તથા મદદગાર ન બનાવો. એવા લોકોની સાથે દિલી મહોબ્બત તથા આપસમાં મિત્રતા ન રાખો." આ કુર્આની હુકમનાં કેટલાંયે કારણો આ પહેલાં વર્ણન થઈ ચૂકેલાં છે.

**નં. ૫-૧૦-૧૧-૧૫-૧૬-૧૮ :** સૂરએ નિસાઅની આયત-૫૬, સૂરએ અંબિયાની આયત-૯૮, સૂરએ સજદાની આયત-૨૨, સૂરએ હા-મીમ-સજદાની આયત-૨૭ અને એ જ સૂરતની આયત-૨૮ અને સૂરએ તૌબાની આયત-૬૮ ની અંદર અલ્લાહ તથા રસૂલ પર ઈમાન ન લાવનાર મુન્કિર (નકારનાર) તથા કાફિરને તેમના કુફ્ર તથા ઈન્કારનો બદલો તથા જહન્નમના અઝાબની ચેતવણી સંભળાવવાની આવી છે. જેનો મતલબ તદ્દન સ્પષ્ટ છે. જે લોકો પણ અલ્લાહ તથા રસૂલ તથા કુર્આન તથા કિતાબના દિવસના મુન્કિર (નકારનાર) તથા કાફિર છે તેમનું ઠેકાણું જહન્નમ જ છે.

**નં. ૧૭ :** સૂરએ તૌબાની આયત-૧૧૧ ની અંદર મુસલમાનોની જાન તથા માલના બદલામાં જન્નતની ખુશખબરી આપવામાં આવી છે કે તેઓ અલ્લાહની રાહમાં પોતાના ઈલ્મ, પોતાની બુદ્ધિ અને પોતાના અનુભવ, પોતાની જીભ, પોતાની કલમ, પોતાના માલ, પોતાની શક્તિ અને પોતાની જાનનું કિંમતી નઝરાણુ પેશ કરે. પોતાની સર્વ શક્તિ તેના માર્ગમાં ખર્ચ કરે, તેના હુકમોનું પાલન કરે, પોતાના નફ્સ તથા શૈતાનના પ્રપંચી દા'વથી દૂર રહે, અલ્લાહની ઈબાદત અને મખ્લૂકની સેવા કરે, ઈમાન તથા ઈસ્લામને જાનો દિલથી પણ પ્રિય રાખે. તો પછી

તેમના માટે આરામ જ આરામ અને રાહત જ રાહત છે. તે પોતાના નેક અમલો તથા કાર્યોના બદલામાં જન્નતના હક્કદાર થશે. આ અલ્લાહનો વાયદો અને તેનું ફર્માન છે.

જે ચોવીસ આયતો પર સંઘ પરિવારે વાંધા ઉઠાવ્યા છે તેમાંથી દરેકનો અહીં ખુલાસો કરીને કુર્આનના ખરા ભાવાર્થની સ્પષ્ટતા કરી દેવામાં આવી છે. કેટલીયે આયતોને એક બીજી સાથે ખાસ સંબંધ તથા કનેક્શન છે એટલા માટે એમાંથી અમુકને એક સાથે જ લખીને વાંધાઓનું નિવારણ કરવામાં આવેલ છે જે ધ્યાનપૂર્વક વાંચ્યા પછી દરેક તે વ્યક્તિના માટે સંતોષજનક તથા પૂરતુ છે જેનો મકસદ પોતાની દિમાગી શંકા દૂર કરવાનો છે, અને કાંઈ માનસિક ખરાબી જેનામાં હોય તેનો અમારી પાસે કોઈ ઈલાજ નથી. જે કટ્ટરવાદીઓએ એવું નિર્ધારિત કરી રાખ્યું છે કે અમારે કોઈપણ હાલતમાં અમારી બકવાસ તથા ફિત્નાઅંગેઝી ચાલુ જ રાખવી છે તેમને સમજાવવું ઘણુ કઠિન કાર્ય છે ! અને એવા જ લોકોના બારામાં કહેવામાં આવ્યું છે કે તેમનાથી દૂર રહો, તેમનાં દિલો સિયાહ (કાળાં) છે એટલા માટે તેમની સાથે દિલી મિત્રતા નથી કરી શકાતી, તેમને પોતાનાં કરતૂતોની સજા આખેરતમાં મળીને રહેશે, અને એવા જ લોકોનું ઠેકાણુ જહન્નમ છે. અલ્લાહ તથા રસૂલના મુન્કિરો (નકારનારાઓ)ની ઈસ્લામ દુશ્મની તથા કુર્આન દુશ્મનીની સજા જહન્નમ સિવાય અન્ય શું હોઈ શકે છે ?!

આર. એસ. એસ. ના વર્તમાન વડાનું એક તાજુ મંતવ્ય અહીં વાંચતા ચાલો :–

ગુન્ટુર (આંધ્ર પ્રદેશ) ૧૨–નવેમ્બર (યુ. એન. આઈ.)

''આર. એસ. એસ. ના સર સંઘ ચાલકના એસ. સુદર્શને માંગણી કરી છે કે મિસરના ડગલે ડગલે ચાલીને દેશમાં ચાલતા મદ્રસાઓના કોર્સમાંથી કુર્આનની તે અમુક આયતો હટાવી દેવામાં આવે જે અન્ય ફિર્કા (જાતીઓ) સાથે નફરત વધારે છે.

આર. એસ. એસ. ના ત્રણ દિવસીય સંમેલનથી કાલે રાત્રે અહીં સંબોધન કરતાં તેમણે કહ્યું કે એવી આયતો જેમાં જેહાદનો ઉલ્લેખ છે અથવા





કાફિરો સાથે મિત્રતાને મના કરે છે એ જ અસલમાં જેહાદ તથા તાલિબાન વિચારસણીની જિમ્મેદાર છે. તેમણે એ પણ કહ્યું કે ઈઝરાઈલના કહેવા પર મિસરમાં નિસાબ (કોર્સ) માંથી આવી તમામ કુર્આની આયતો કાઢી નાખવામાં આવી જેમાં મુસ્લિમ યહૂદી દુશ્મનીનો ઉલ્લેખ છે.''
*(૧૩–નવેમ્બર, ઈ.સ. ૨૦૦૨ નાં વર્તમાન પત્રો)*

મિસરમાં કે દુનિયાના કોઈ પણ ભાગમાં કોઈ એક પણ મુસલમાન તરફથી કોઈ એક પણ કુર્આની આયતને દૂર કરવાની વાત તદન પાયાવિહોણી છે, આ સંઘ પરિવારની અફવાબાજી તથા તેમનુ સફેદ જૂઠાણુ છે જેને વાસ્તવિક્તા સાથે દૂર દૂર સુધી કોઈ સંબંધ નથી. કાફિરો તથા મુનાફિકોની મિત્રતાના બારામાં ઉસૂલી હુકમો અગાઉ લખી દેવામાં આવેલા છે. શરારતી, બુરુ તાકનાર, પ્રપંચી તથા બુરાઈ પસંદ કરનારા માણસો સાથે કોઈ સહી દિમાગવાળો માણસ કદાપિ દોસ્તી નથી કરતો.

કુર્આનની અમુક આયતો અમુકની તફસીર (વિસ્તારપૂર્વક સમજૂતી) કરે છે તે એકબીજા સાથે સંકલિત છે. બદ્દીની, અજ્ઞાનતા અને પ્રપંચની સાથે જે વ્યક્તિ કુર્આનનો અભ્યાસ કરે છે તે હિદાયત નહીં બલ્કે ગુમરાહીની ઘાટીમાં ગબડી પડે છે. આ કુર્આનથી જેવી રીતે ઘણા બાઅદબ બાનસીબ માનવો ઈમાન તથા ઈસ્લામની દૌલતથી માલમાલ થાય છે, હક્ક તથા હિદાયતની નેઅમતથી સરફરાઝ થાય છે તેવી જ રીતે ઘણા બેઅદબ (અસભ્ય) તથા બેનસીબ તથા મૂર્ખ લોકો પોતાની વક્ર દ્રષ્ટિ તથા ટેઢી ચાલના સબબે પોતાની ગુમરાહીનો સામાન પણ કરી લે છે.

કાફિરોની એક જમાઅત (ગૃપ) પયગંબરે ઈસ્લામ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં આવી અને તેમણે કહ્યું કે તમે બીજુ કુર્આન લાવો જેમાં અમારી મૂર્તિઓની પૂજા છોડવાનો હુકમ ન હોય અથવા એ જ કુર્આનમાં કાંઈક તબદીલી કરી આપો તો અમે તમારા પર ઈમાન લઈ આવીશું. આપે આયતો તથા હુકમોમાં કોઈ પ્રકારની વધઘટ કરવાનો ઈન્કાર કરતાં ફર્માવ્યું કે આ અલ્લાહનું કલામ (કથન) છે એમાં પોતાના તરફથી હું કાંઈ પણ તબદીલી અને કોઈ પ્રકારની વધઘટ નથી કરી શકતો. કુર્આન આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં આ પ્રમાણે જણાવે છે :–

''અને જ્યારે તેમના પર અમારી રોશન આયતો પઢવામાં આવે છે તો તે કહેવા લાગે છે જેમને અમારાથી મળવાની (આખેરતમાં) ઉમ્મીદ નથી, કે એના સિવાય અન્ય કુર્આન લાવો ! અથવા આને બદલી નાખો.

તમે ફર્માવો ! મને નથી પહોંચતુ કે હું મારા તરફથી તેને બદલી શકું. હું તો તેને તાબેદાર છું જેની મારા તરફ વહી થાય છે. જો હું નાફર્માની કરું તો મને મહાન દિવસના અઝાબનો ડર છે.

તમે ફર્માવો ! જો અલ્લાહ ચાહતો તો હું એને તમારા પર ન પઢત, ન તે તમોને એનાથી માહિતગાર કરત. હું આથી પહેલાં તમારી વચ્ચે એક વય વિતાવી ચૂકયો છું. શું તમને બુદ્ધિ નથી ?

એનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ પર જૂઠ બાંધે અથવા તેની આયતો જૂઠલાવે ! બેશક ! મુજરિમ કામયાબ થશે નહીં.'' *(આયત ૧૫ થી ૧૭, સૂરએ યૂનુસ, પારા–૧૧)*

''તો શું ચિંતન નથી કરતા કુર્આનમાં ?! અને જો તે અલ્લાહના સિવાય કોઈની પાસેથી હોત તો જરૂર એમાં ખૂબ જ મતભેદ (વિરોધાભાસ) પામતા.'' *(આયત–૮૨, સૂરએ નિસાઅ, પારા–૫)*

ઘણા માથાના ફરેલાઓએ કુર્આનને અલ્લાહનું કલામ હોવાનો ઈન્કાર કર્યો અને કહ્યું કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેટલીક વાતો પોતાના તરફથી ઘડી લીધી છે. કુર્આને કહ્યું કે, 'એવું જ સમજો છો તો તમે પણ કોશિશ કરીને તેના મુકાબલામાં કાંઈક રજુ કરો ! પણ કદાપિ તમે એવું કલામ નથી બનાવી શકતા.'' કેટલીયે જગાએ કુર્આને મુન્કિરો (નકારનારા) તથા કાફિરો પાસે આ માંગણી કરી છે :–

''તેઓ કહે છે કે તેમણે એને પોતે પોતાની રીતે બનાવી લીધું છે ! તમે ફર્માવો ! એવી દસ સૂરતો તમે પણ બનાવી લો, અને અલ્લાહના સિવાય જે મળી શકે બોલાવો જો તમે સાચા હોઉ. તો હે મુસલમાનો ! જો તેઓ તમારી આ વાતનો જવાબ ન આપી શકે તો સમજી લો કે અલ્લાહના ઈલ્મથી એ ઉતર્યું છે. અને એ કે તેના સિવાય કોઈ સાચો મઅબૂદ (પૂજનીય) નથી. તો હવે તમે માનશો ?'' *(આયત–૧૩, ૧૪, સૂરએ હૂદ, પારા–૧૨)*





''અને જો તમને કાંઈક શંકા હોય એમાં જેને અમે અમારા ખાસ બંદા પર ઉતાર્યું છે તો એના જેવી એક સૂરત તો લઈ આવો ! અને અલ્લાહના સિવાય તમારા સર્વ સમર્થકોને બોલાવી લો ! જો તમે સાચા હોઉ. પછી જો ન લાવી શકો અને હરગિઝ નથી લાવી શકતા ! તો ડરો ! તે આગથી ! જેનું બળતણ માનવી તથા પથ્થર છે ! જે કાફિરો માટે તૈયાર રાખી છે.'' *(આયત–૨૩, સૂરએ બકરહ, પારા–૧)*

''તમે કહો ! જો માનવી તથા જિન્નાત સૌ ભેગા મળીને આ કુર્આનની જેમ લાવવા ચાહે તો તેના સમાન ન લાવી શકશે, ભલે તેઓ એકબીજાના મદદગાર બને.'' *(આયત–૮૮, સૂરએ બની ઈસ્રાઈલ, પારા–૧૫)*

કુર્આનની વિરૂધ્ધ શોર તથા હંગામો તથા ઉહાપોહ એ આજની કોઈ નવી વાત નથી, પહેલાંના કાફિરો પણ એવું જ કર્યા કરતા હતા. જેમ કે કુર્આન બયાન કરે છે :–

''અને કાફિરો બોલ્યા ! આ કુર્આન ન સાંભળો ! અને એમાં બેહૂદા શોર મચાવો, કદાચ એ જ રીતે તમે ગાલિબ આવી જાવ !'' *(આયત–૨૬, સૂરએ હા–મીમ–સજદા, પારા–૨૪)*

કુર્આનમાં કોઈ ન ફેરફાર કે ન કોઈ પ્રકારની વધઘટ થઈ શકે છે અને ન તેનો કોઈ જવાબ થઈ શકે છે. કેમ કે ખૂદ ખાલિકે કાઈનાત (સૃષ્ટિનો સર્જક) ઈર્શાદ ફર્માવે છે :–

''બેશક ! અમે આ કુર્આન ઉતાર્યું છે અને અમે જ તેના રક્ષક તથા નિગેહબાન છીએ.'' *(આયત–૯, સૂરએ હજર, પારા–૧૪)*

મક્કાના કાફિરોએ ઈસ્લામના પ્રારંભમાં જ્યારે મુસલમાનોને સતાવ્યા અને તેમનો જુલ્મો સિતમ અસહ્ય થવા લાગ્યો તો થોડાક મુસલમાનોની એક ટુકડીએ હબશના રાજા પાસે જઈને શરણ લીધું હતું. આ પ્રસંગ મદીનાની હિજરત પહેલાંનો છે. હબશનો રાજા અસ્હમા નજાશી હતો તે ઈસાઈ હતો. મક્કાના કાફિરોએ હબશ સુધી મુસલમાનોનો પીછો કર્યો અને નજ્જાશીને મળીને તેમના વિશે ફરિયાદ કરી કે જેથી તે થોડાક મજબૂર મુસલમાનોને મક્કાના કાફિરોના હવાલે કરી આપે. નજ્જાશી સમજદાર અને ન્યાયપ્રિય બાદશાહ હતો, તેણે પ્રથમ હકીકતની તેહકીક

કરી. મુસલમાનોને જયારે તેના દરબારમાં બોલાવવામાં આવ્યા તો પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચચાઝાદ ભાઈ હઝરત જા'ફર તય્યારે તેના દરબારમાં સંપૂર્ણ હિંમત તથા બેબાકીની સાથે ઈસ્લામની સચ્ચાઈને સ્પષ્ટ કરી આપી. તેમનું એ પ્રવચન નબીના જીવન ચરિત્રની પૂરાણી તથા સ્ટાન્ડર્ડ કિતાબ "સીરતે ઈબ્ને હેશામ" ભાગ–૧ માં આ પ્રમાણે નોંધાયેલ છે :–

"હે બાદશાહ ! અમે અજ્ઞાનતામાં સપાયેલા હતા, મૂર્તિઓને પૂજતા હતા, નાપાકીમાં સંડોવાયેલા હતા, મુરદાર ખાતા હતા, બેહૂદા બકયા કરતા હતા. અમારી અંદર સાચી મેઝબાનીનું નિશાન પણ ન હતું, પડોશીની ખર ખબર રાખવી તથા લાગણી ન હતી, કોઈ કાયદો તથા કાનૂન ન હતો, એવી હાલતમાં અલ્લાહે અમારામાં એક મહાન તથા બુઝુર્ગ હસ્તીને મોકલી જેના વંશ તથા પેઢી, સચ્ચાઈ તથા પ્રમાણિક્તા, તકવો (ખુદાનો ડર) તથા પવિત્રતાથી અમે ઘણી સારી રીતે વાકેફ છીએ.

તે બુઝુર્ગ હસ્તીએ અમને અલ્લાહની તૌહીદની દા'વત આપી અને સમજાવ્યું કે એ એકલા ખાલિક (સર્જનહાર) તથા માલિકની સાથે કોઈને શરીક (ભાગીદાર) ન સમજો. તેણે અમને પથ્થરોની પૂજા કરવાનું મના કર્યું, તેણે તા'લીમ આપી કે અમે સાચુ બોલીએ, વાયદો પૂરો કરીએ, ગુનાહોથી દૂર રહીએ, બુરાઈઓથી બચીએ. તેણે હુકમ આપ્યો કે અમે નમાઝ પઢીએ, ઝકાત આપતા રહીએ, રોઝા રાખીએ.

આ વાતો માની લેવાના કારણે અમારી કૌમ અમારાથી વિરૂધ્ધ થઈ ગઈ છે, તેમનાથી જેટલી હદે બની શકયું તેટલા અમને સતાવ્યા કે અમે એક અલ્લાહની ઈબાદત ત્યજી દઈએ અને પથ્થરોની મૂર્તિઓને પૂજવા લાગી જઈએ. અમે તેમના હાથે ખૂબ તકલીફો તથા જુલ્મ વેઠયા છે અને મજબૂર થઈને આપના દેશમાં શરણ લેવા આવ્યા છીએ." *(સીરતે ઈબ્ને હેશામ)*

હઝરત જઅફર તય્યારની આ વાતો સાંભળીને નજાશીએ કહ્યું કે મને કુર્આન સંભળાવો ! જઅફર તય્યારે સૂરએ મરયમની તિલાવત કરી. નજાશી તેને સાંભળી ચોધાર આંસૂંએ રડવા લાગ્યો અને તેણે કહ્યું કે :–

"મુહમ્મદ તો તે જ રસૂલ છે જેમના આવવાની ખબર ઈસા મસીહે





આપી હતી. અલ્લાહનો શુક્ર છે કે મને તે રસૂલનો જમાનો મળી ગયો."

ત્યારબાદ નજાશીએ ઈસ્લામના દુશ્મન મક્કાના કાફિરોને પોતાના દરબારમાંથી હાંકી કાઢયા અને નિરાશ વદને મક્કા પાછા ફર્યા.

કુર્આનની અસરકારક્તા અને તેને સાંભળીને ઈમાન લાવવાના ઘણા પ્રસંગો ઈસ્લામી ઈતિહાસના સીનામાં મૌજૂદ છે. અહીં કેવળ એક પ્રસંગ બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકનો વર્ણન કરવામાં આવી રહ્યો છે જે મક્કાના અતિ મશહૂર બહાદુર તથા ઈસ્લામ લાવતા પહેલાં ઈસ્લામના અતિ સખ્ત દુશ્મન હતા. તેમના સિવાય કોઈ કાફિરની કદી એ હિંમત ન થઈ હતી કે તે તલ્વાર લઈને એ નિય્યતે નીકળે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જ્યાં પામુ ત્યાં કત્લ કરી નાખું.

મુસલમાન હજી પોતાનાં ઘરોમાં છુપાઈ છુપાઈને નમાઝો પઢી રહ્યા હતા એ જ અરસામાં ઉમર ફારૂક બિન ખત્તાબ એક દિવસે હથિયારબંધ થઈને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કત્લ કરવાના ઈરાદાથી નીકળ્યા. માર્ગમાં અચાનક એક ખબર મળી કે તેમની બહેન અને બનેવીએ ઈસ્લામ કબૂલ કરી લીધો છે. તો આપ ગુસ્સાથી અકળાઈ ઉઠયા. ગુસ્સાની હાલતમાં બહેનના ઘરે પહોંચ્યા અને બહેન તથા બનેવીને મારી મારીને લોહીલુહાણ કરી નાખ્યા. તેમની બહેને કહ્યું કે હે ઉમર ! પ્રથમ તો તે કુર્આન સાંભળી લો જેને સાંભળીને અમે ઈમાન લાવ્યાં છીએ, જો તે તમોને ઠીક ન લાગે તો અમને મારી નાખજો.

ઉમર ફારૂકે કહ્યું કે, સારું હું તેને સાંભળી લઉં છું. એક સહાબી જેઓ ઉમર ફારૂકના આવી જવાથી ડરના માર્યા ઘરમાં છુપાઈ ગયા હતા તે બહાર નીકળ્યા અને તેમણે સૂરએ તાહાનો પ્રથમ રુકૂઅ પઢયો. ઉમર ફારૂકે તેને સાંભળ્યો તો તેમના દિલની દુનિયા બદલાઈ ગઈ ! અને દારેઅરકમ (મક્કા મુકર્રમા) જ્યાં પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم હાજર હતા ત્યાં પહોંચીને ઈમાન તથા ઈસ્લામનું એલાન કરી આપ્યું.

કાંઈક અધિક આગળ જતાં પહેલાં બેહતર એ છે કે અમુક ઈસ્લામી શરીઅતની પરિભાષાને પણ ધ્યાનપૂર્વક સમજી લઈએ :–

★ **કુફ્ર** : કોઈ ચીજને ઢાંકવું, છુપાવવું. અને ઈસ્લામી શરીઅતની પરિભાષામાં ઈસ્લામના ફર્ઝો તથા ફર્માનોના નકારવાને કુફ્ર કહેવામાં આવે છે.

★ **કાફિર** : તે ચીજ જે બીજાને ઢાંકનાર તથા છુપાવનાર હોય. જે વ્યક્તિ કોઈ ચીજની નાશુક્રી તથા ઈન્કાર (નકાર) કરનાર હોય. અને ઈસ્લામી શરીઅતની બોલીમાં કાફિર તેને કહેવામાં આવે છે જે ઈસ્લામ અને દીનની જરૂરી બાબતોનો મુન્કિર (નકારનાર) હોય.

★ **શિર્ક** : કોઈ ચીજમાં કોઈ બીજાની ભાગીદારી અને શરીઅતની બોલીમાં શિર્ક એ છે કે અલ્લાહની જાત તથા સિફતો (ખૂબીઓ)માં કોઈ ગૈરુલ્લાહને (અલ્લાહ સિવાયનાને) ભાગીદાર સમજવો.

★ **મુશ્રિક** : કોઈ ચીજમાં કોઈ બીજી ચીજને ભાગીદાર ઠરાવનાર. અને શરીઅતની પરિભાષામાં મુશ્રિક એ છે કે અલ્લાહની જાત અથવા તેની કોઈ સિફત (ખૂબી)માં ગૈરુલ્લાહને ભાગીદાર સમજવો.

★ **જેહાદ** : જદ્દો જેહદ, કોશિશ તથા મહેનત. અને શરીઅતની બોલીમાં અલ્લાહની રઝામંદી (રાજીપા)ના માટે કોઈ પ્રકારની ભાગદોડ, ત્યાગ તથા કુર્બાની, પોતાના વિચાર તથા ખયાલ, વાણી તથા વર્તન, જીભ તથા કલમ, માલ તથા દૌલત, તલ્વાર તથા તીર, શક્તિ તથા સત્તા કોઈ પણ ઝરીયા થકી માનવતાની સેવા કરવી, ઈસ્લામની વૃદ્ધિ તથા મજબૂતીની તદબીર કરવી અને સૃષ્ટિના સર્જનહાર રબની રઝા (રાજીપો) તલબ કરવી.

★ **મુજાહિદ** : મહેનત તથા પરિશ્રમ અને દોડધુપ કરનાર. અને શરીઅતની બોલીમાં મુજાહિદ તે શખ્સ છે જે ઉપરોક્ત જેહાદના પ્રકાશમાંથી કોઈ પણ ઝરીયા (માધ્યમ) થકી અલ્લાહની રાહમાં તેની ખુશીના માટે ખૂદ જેહાદ કરી રહ્યો





હોય કે જેહાદ કરનારાઓની સહાય કરી રહ્યો.

★ **ઈમાન** : કોઈ ચીજને માનવું, માન્યતા (અકીદો) ધરાવવી. અને શરીઅતની બોલીમાં તૌહીદ (અલ્લાહને એક માનવું) તથા રિસાલત (હુઝૂર મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ને રસૂલ માનવા) અને રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ની લાવેલી શરીઅત તથા દા'વતની દિલ વડે તસ્દીક (સમર્થન) અને જીભ વડે ઈકરાર કરવાનું નામ છે.

★ **મો'મિન** : કોઈ ચીજને માનવાવાળો, અકીદો, ધરાવનારો. અને શરીઅતની બોલીમાં તૌહીદ તથા રિસાલત અને પયગંબરે ઈસ્લામ મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم ની લાવેલી શરીઅત તથા દા'વતની દિલથી તસ્દીક અને જીભ વડે ઈકરાર કરનારને મો'મિન કહેવામાં આવે છે.

★ **ઈસ્લામ** : ગરદન ઝુકાવવી, ફર્માનના તાબે થવું. અને શરીઅતની પરિભાષામાં ઈસ્લામ ધર્મ સ્વીકારવાનું નામ ઈસ્લામ છે.

★ **મુસ્લિમ** : ગરદન ઝુકાવનાર, ફર્માનના તાબે થનાર. અને શરીઅતની બોલીમાં ઈસ્લામ ધર્મને અપનાવનાર વ્યક્તિ મુસલમાન છે. ઈમાન લાવનારને મુસલમાન તથા મો'મિન કહેવામાં આવે છે.

★ **નિફાક તથા મુનાફિક્ત** : દ્વિમુખીપણુ, અંદર કાંઈ અને બહાર કાંઈ ! અંતરથી વિરૂધ્ધ જાહેર હોવું. અને શરીઅતની બોલીમાં પોતાના કુફ્રને છુપાવીને ઈસ્લામને પ્રદર્શિત કરનારની વૃત્તિને નિફાક તથા મુનાફિક્ત કહે છે.

★ **મુનાફિક** : દ્વિમુખીપણુ કરનાર. પોતાના અંતરની વિરૂધ્ધ જાહેર કરનાર. (અંદર કુછ બાહર કુછ !) અને શરીઅતની બોલીમાં પોતાનું કુફ્ર છુપાવીને જાહેરમાં ઈસ્લામનો ઢોંગ રચાવનારને મુનાફિક કહેવામાં આવે છે.

અમુક પરિભાષાના શબ્દો જેમ કે **કુફ્ર** તથા **કાફિર** અને **જેહાદ** તથા કેતાલ (જંગ)ને ઉછાળીને આજે શોર તથા ઉહાપોહ મચાવવામાં આવી રહ્યો છે કે કુર્આન ગૈર મુસ્લિમ કૌમો તથા કબીલાઓથી નફરત અને તેમની સાથે મારા કાપની તા'લીમ આપે છે. અન્યોને કાફિર કહીને તેમનું અપમાન કરે છે અને જેહાદના ખયાલ થકી મુસલમાનોની અંદર લડાઈનું ઝનૂન પેદા કરે છે.

અલ્લાહના દીન (ધર્મ) ઈસ્લામ, તેના પયગંબર, તેની નાઝિલ કરેલી (ઉતારેલી) કિતાબો, તેના ફરિશ્તા, તકદીર, કિયામતનો દિવસ, અંતિમ કિતાબ કુર્આને હકીમ, આખરી રસૂલ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને તેમના લાવેલા ધર્મ ઈસ્લામનો ઈન્કાર (નકાર) કુફ્ર છે. ઈન્કાર કરનાર (નકારનાર)ને કાફિર કહેવામાં આવે છે તે ભલે ગમે તે જાતી કે કબીલાનો હોય, કોઈ પણ વિસ્તાર કે પ્રદેશનો હોય, કોઈ પણ દેશ કે ખંડનો હોય, કોઈ પણ સમય કે યુગનો હોય, ગમે તે જમાના કે મકાનનો હોય, કોઈ પણ પદ કે હેસિયતવાળો હોય અને કોઈ પણ રંગ કે વંશનો હોય.

જેહાદ હુલ્લડબાજી કે ફિત્ના ફસાદનું નામ નથી. જેહાદ કહેવામાં આવે છે અલ્લાહની ખુશી માટે તેના માર્ગમાં તન, મન, ધન કુર્બાન કરી આપવું. જિંદગીના જે સંજોગમાં જે અંદાઝથી પણ રબની મરજી (રાજીપા)ના ખાતર કોશિશ કરવામાં આવે તેને જેહાદ કહેવામાં આવશે. શક્તિ થકી, જીભના થકી, કલમ થકી, માલ થકી, સંબંધો થકી, ઈલ્મ થકી, વિદ્યા થકી, અનુભવ થકી, ભાગદોડ વડે જે રીતે પણ શક્ય હોય અને માધ્યમો તથા ઝરીયો ઉપલબ્ધ હોય તેના ઉપયોગને જેહાદ કહેવામાં આવે છે. પોતાના નફ્સ અને તેની શરારત સાથે લડવું ઘણો મહાન જેહાદ છે. અને જાલિમ હાકિમની સમક્ષ સત્ય વાત કહી આપવી એ પણ અફઝલતરીન જેહાદ છે.

કોઈ હરતા ફરતા માણસ, કોઈ બારાત, ઘર, કોઈ ઈબાદતગાહ અને કમજોરો, મજબૂરો, સ્ત્રીઓ, બાળકોને દિવસના અજવાળા કે રાતના અંધકારમાં વિના વાંકે નિશાનો બનાવવાનું નામ ઈસ્લામી જેહાદ નથી. એ જ પ્રમાણે કોઈ ટ્રેન, બસને ઉડાડવાનું અને વિમાનનું અપહરણ કરીને





દેશની તથા વિ□ની શાંતિ તથા સલામતીના વાતાવરણને ખરાબ કરવાનું અને વાતાવરણને તંગ કરવાનું નામ પણ ઈસ્લામી જેહાદ નથી. શરીઅત મુજબની જરૂરત, ભૌતિક તૈયારી, માણસોની શક્તિ, સરદારી જેવી શરતોથી બેપરવા બનીને કરવામાં આવનારો કોઈ હુમ્લો કે જંગ એ ઈસ્લામી જેહાદ નથી. ગૃપમય કે ખાનદાની સત્તા, ખુરશી અને વ્યક્તિગત રાજકિય ઈરાદાઓની પરિપૂર્ણતાના માટે કરવામાં આવનાર ટકરાવ એ ઈસ્લામી બોલીમાં જેહાદ નથી. હા ! જ્યાં જેહાદની શરતો જોવા મળશે ત્યાં જેહાદ કરવામાં આવવો જરૂરી છે અને શક્તિ અનુસાર એમાં ભાગ લેવો યકીનન સવાબનું કાર્ય છે.

હિંદુસ્તાનમાં પચીસ પચાસ વરસના દરમ્યાન એવો કોઈ ઈસ્લામી જેહાદ કે જંગ અમારા તો જોવામાં નથી આવ્યો અને ન તો એવા કોઈ શરીઅત મુજબના જેહાદનો ઈસ્લામના આલિમોએ ફત્વો આપ્યો છે. પછી જેહાદ જેહાદનું રટણ કરીને કુર્આન તથા મુસલમાનની વિરૂધ્ધ હિંદુસ્તાનભરમાં સંઘ પરિવાર એક ભય ફેલાવનારી ચળવળ શા માટે ચલાવી રહ્યું છે ? અને નફરતના જંતુઓ હિંદુસ્તાની સમાજમાં શા માટે ફેલાવી રહેલ છે ? આ પ્રશ્ન પર શાંતિપ્રિય હિંદુસ્તાનીઓએ ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ.

વિવિધ પ્રસંગોએ કુર્આને કહ્યું છે કે અલ્લાહ તઆલા જુલ્મ તથા જાલિમોને કદી પસંદ નથી કરતો. ઝઘડો તોફાન અને ઝઘડાળુઓને પસંદ નથી કરતો. હે લોકો ! તમે જુલ્મ ન કરો, ફસાદ (ઝઘડો) ન ફેલાવો, જમીનને જુલ્મ તથા ફસાદથી દૂર રાખો અને કોઈની નાહક કત્લ ન કરો, અને તેનું આમ એલાન છે કે :–

"જેણે કોઈ જાન કત્લ કરી વિના જાનને બદલે અથવા જમીનમાં ફસાદના વિના તો જાણે તેણે સર્વ લોકોને કત્લ કર્યા. અને જેણે એક જાનને બચાવી લીધી તેણે જાણે સર્વ લોકોને જિંદગી બખ્શી." *(આયત–૩૨, સૂરએ માઈદા, પારા–૬)*

માનવી તો માનવી છે પણ પ્રાણીઓના વિશે પણ ઈસ્લામની તા'લીમ દયા તથા પ્રેમભાવનો એક ઉચ્ચ નમૂનો છે. પયગંબરે ઈસ્લામ

મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"એક સ્ત્રીને કેવળ એટલા માટે અઝાબ આપવામાં આવ્યો કે તેણે એક બિલાડીને કૈદ કરી દીધી હતી અને તે ભૂખથી મૃત્યુ પામી. તેના કારણે તે સ્ત્રીએ જહન્નમમાં જવું પડયું." *(બુખારી)*

એક માણસ કયાંક જઈ રહ્યો હતો તેને સખત તરસ લાગી. તે કૂવામાં ઉતર્યો અને તેમાંથી પાણી પીને બહાર નીકળ્યો. એટલામાં તેણે જોયું કે એક કૂતરો તરસની તકલીફના કારણે હાંફી રહ્યો છે અને માટી ચાટી રહ્યો છે. તેણે પોતાના દિલમાં વિચાર્યું કે આ કૂતરાને મારી જેમ જ તરસ લાગી છે, તે ફરી કૂવામાં ગયો અને પોતાના મોજાઓમાં પાણી ભરીને તેને મોઢા વડે પકડીને કૂવા બહાર નીકળ્યો અને કૂતરાને પાણી પીવડાવ્યું. અલ્લાહ તઆલાને તેની એ વાત પસંદ આવી અને તેની મગફેરત ફર્માવી દીધી.

લોકોએ પૂછયું, યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું જાનવરોની સાથે ભલાઈ કરવાથી પણ અમને સવાબ મળશે ? આપે ઈર્શાદ ફર્માવ્યો, દરેક તર જિગરવાળા (જીવંત)માં બદલો તથા સવાબ છે. *(બુખારી)*

પ્રોપેગન્ડો એ કરવામાં આવે છે કે દરેક કાફિર તથા મુશ્રિક સાથે મુસલમાન દરેક સમયે જેહાદ કરવા ચાહે છે ! જ્યારે કે જિંદગીના સામાન્ય વહેવારના બારામાં પણ કુર્આનનો હુકમ એ છે કે :–

"અલ્લાહ તમને તે લોકોની સાથે એહસાન તથા ઈન્સાફ કરવાથી મના નથી કરતો જેઓ દીનમાં (ધર્મમાં) તમારાથી ન લડયા અને તમને તમારાં ઘરોએથી ન કાઢયા. બેશક ! ઈન્સાફ કરનારાઓને અલ્લાહ પસંદ કરે છે, અલ્લાહ તમને તેમની સાથે મિત્રતા કરવાથી મના કરે છે જેઓ દીનમાં તમારી સાથે લડયા અથવા તમને તમારાં ઘરોએથી કાઢયા અથવા તમને કાઢવા માટે મદદ કરી. અને જેઓ તેમની સાથે દોસ્તી કરે તેઓ જ જાલિમ છે." *(આયત–૯, સૂરએ મુમ્તહિના, પારા–૨૮)*

અન્ય કૌમોની સાથે અદલો ઈન્સાફ (ન્યાય)નો હુકમ આપતાં કુર્આને કહ્યું :–





"હે ઈમાનવાળાઓ ! અલ્લાહના હુકમ પર સારી રીતે કાયમ રહો ઈન્સાફની સાથે ગવાહી આપતાં. અને તમને કોઈ કૌમની અદાવત તેની સાથે અન્યાય કરવા માટે ન પ્રેરે. ઈન્સાફ કરો તે પરહેઝગારીની અધિક નજીક છે અને અલ્લાહથી ડરતા રહો ! બેશક ! તે તમારાં કામોથી બાખબર છે." *(આયત–૮, સૂરએ માઈદા, પારા–૬)*

કુર્આન તથા ઈસ્લામ પર ચઢી ચઢીને હુમ્લો કરવાવાળા સાંભળી લે કે બદ્‌ગોઈ તથા બદકલામી (કટુવાણી)ની રોક થામના માટે કુર્આને કેવી હિકમતપૂર્ણ તદબીર અપનાવી છે. બાતિલ મઅબૂદોના પૂજારીઓની ઝબાનદરાઝીને કઈ રીતે રોકવામાં આવેલ છે :–

"અને અલ્લાહના સિવાય જેને તેઓ પૂજે છે તેને બુરા ન કહો કે તેઓ પોતાની બળજબરી તથા નાદાનીથી અલ્લાહની શાનમાં બેઅદબી કરશે." *(આયત–૧૦૮, સૂરએ અન્આમ, પારા–૭)*

વાયદા તથા વચન અને કરારની પાબંદીની ઈસ્લામે સખત તાકીદ કરી છે. આ કરાર કોઈની પણ સાથે કોઈ પણ રીતનો અને કયાંય પણ હોય તેની પાબંદી અનિવાર્ય છે. કુર્આનનો હુકમ છે :–

"અને વાયદો પૂરો કરો ! બેશક ! વાયદાના બારામાં તમારાથી સવાલ કરવામાં આવશે. *(આયત–૩૪, સૂરએ બની ઈસ્રાઈલ, પારા–૧૫)*

ઈસ્લામી શરીઅતમાં કોઈ કાફિર કોઈ જિમ્મેદારી તથા કરાર હેઠળ રહેતો હોય તો તેની રક્ષા પણ જરૂરી છે. એટલે સુધી કે ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"જો કોઈ મુસલમાન કોઈ કરાર હેઠળના ગૈર મુસ્લિમને કત્લ કરી આપે તો તે જન્નતની ખુશ્બુ નહીં સુંઘશે." *(બુખારી)*

હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ ઈર્શાદ ફર્માવ્યો :–

"જેણે કોઈ (ગૈર મુસ્લિમ) ઝિમ્મી કરાર હેઠળના ઉપર જુલ્મ કર્યો અથવા તેનો હક્ક માર્યો અથવા તેની શક્તિ બહારનો તેના પર બોજ નાખ્યો અને તેની ખ્વાહિશ (ઈચ્છા) વિના તેની પાસેથી કોઈ ચીજ લઈ લીધી તો કિયામતના દિવસે તેના તરફથી હું દાવો કરીશ !" *(અબૂ દાઊદ, બયહકી)*

"જેણે કોઈ ગૈર મુસ્લિમ ઝિમ્મીને તકલીફ આપી તેણે મને તકલીફ આપી, અને જેણે મને તકલીફ આપી તેણે અલ્લાહને તકલીફ પહોંચાડી." *(તિબ્રાની)*

ઈસ્લામના પયગંબર મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ ને અલ્લાહે આલમ માટે રહમત (કૃપા) બનાવીને મોકલ્યા છે. કુર્આન પણ રહમત છે અને અલ્લાહ પણ રહીમ તથા કરીમ છે અને તેની રહમત દરેક પર સાયો કરી રહી છે. આ પ્રકારની વિવિધ આયતો કુર્આનની અંદર મૌજૂદ છે.

ઈસ્લામ વિ□શાંતિનો જામિન છે તેનો પૈગામ વિ□કક્ષાનો તેમજ દુનિયાના સ્તરનો છે. કોઈ ખાસ પ્રદેશ કોઈ ખાસ જાતી તથા જમાનાના માટે નથી, ન કોઈ સ્થાનિક તથા પ્રાદેશિક વિસ્તાર પૂરતી તેની કોઈ માન્યતાનો પાયો રાખવામાં આવ્યો છે. કુર્આન અલ્લાહનું કલામ છે તેની વહી અલ્લાહ તરફથી છે તેના કોઈ એક શબ્દમાં પણ ન આજ સુધી કોઈ ફેરફાર કે ફરક થયો અને ન ભાવિમાં એની કોઈ શકયતા છે, જેમ કે અન્ય ઈલ્હામી તથા ગૈર ઈલ્હામી કિતાબોમાં થઈ ચૂકયું છે. અને વર્તમાનકાળમાં દુનિયાનો કોઈ ધર્મ દાવેદાર નથી કે તેની આસ્માની કિતાબ અસલ સ્વરૂપે મૌજૂદ છે.

**જંગ** તથા **લડાઈ** અને **સજા** તથા **અઝાબ**ના બારામાં કેટલાક હુકમો તથા સબકોનો નીચે અભ્યાસ કરો. અને વિચારો કે તેનું કયાંકથી કોઈ જાઈઝ હોવાનું પાસુ છે કે નહીં ? જો છે તો શા માટે ? અને નથી તો ધાર્મિક પુસ્તકના આ પાઠ તથા હુકમનો હિંદુત્વના ઝંડાધારી શું જવાબ આપશે ? તેઓ પોતાના દિલ પર હાથ રાખીને ખૂદ જ કોઈ યોગ્ય નિર્ણયે પહોંચે અને કોઈ ન્યાયપૂર્ણ ફેંસલો કરી લે.

**(૧)** શ્રી કૃષ્ણ શ્રી અર્જુનની એક કમજોરી તથા બુઝદિલીને જોઈને કહેવા લાગ્યા કે, "હે પૃથ્વીના સપૂત ! બુઝદિલી ન બતાવો ! આ તમને શોભા નથી આપતુ."

હે દુશ્મનોને તબાહ તથા બર્બાદ કરવાવાળા ! આ ડર તથા બુઝદિલીનો ત્યાગ કરીને જંગના માટે ઉઠીને ખડા થઈ જાવ !" *(ગીતા, પાઠ–૧, શ્લોક–૨૧, ૨૨)*





**(૨)** શ્રી કૃષ્ણએ કૌરવોની વિરૂધ્ધ જંગનો હુકમ આપતાં કહ્યું :–

"હે અર્જુન ! મુજરિમો અને હુમ્લાખોરોની સમક્ષ ગુથણો ટેકવી દેવાથી આ દુનિયામાં તમને શરાબ તથા પાપ લાગશે અને તમને અંતિમ છૂટકારો નહીં મળે."*(ગીતા, પાઠ–૨, શ્લોક–૩૩, ૩૪)*

**(૩)** શ્રી કૃષ્ણએ શ્રી અર્જુનને હુકમ આપતાં કહ્યું :–

"હે કુન્તીના પુત્ર ! જૂઠ તથા બુરાઈનો સાથ આપનારાઓની વિરૂધ્ધ જંગ કરવા દરમ્યાન માર્યા જશો તો સ્વર્ગમાં જશો. અથવા તમે જો જીતી જશો તો પૃથ્વી પર રાજ કરશો, એટલા માટે મજબૂત નિશ્ચય તથા ઈરાદાની સાથે તૈયાર થઈ જાવ અને લડાઈ કરો !" *(ગીતા, પાઠ–૨, શ્લોક–૩૭)*

**(૪)** તળાવ, વાવડી, કૂવો, અવામનું ઘર પાડી દેનાર અને નિદોર્ષ માનવીઓને કત્લ કરનાર લોકો જહન્નમમાં જાય છે. *(પુરાણ, પાઠ–૪, શ્લોક–૩૩)*

ઈસ્લામ તથા કુર્આન પર કીચડ ઉછાડનારા ઠંડા દિલથી વિચારે કે શું મુસલમાનો પણ તેમના દીન ધરમ પર, તેમના દેવી દેવતાઓ પર, તેમની ધાર્મિક કિતાબો પર આ રીતે કીચડ ઉછાળી રહ્યા છે જેનું તેઓ રાત દિવસ પ્રદર્શન કરી રહ્યા છે ?! પચીસ પચાસ સાલનું સઘળુ સાહિત્ય તથા અખ્બારો તથા માધ્યમો ઉઠાવીને જોઈ લેવામાં આવે તો સારી પેઠે સમજમાં આવી જશે કે કોના દિલને કોણ રંજાડી રહ્યું છે ?! અને શાંતિ તથા સલામતીના વાતાવરણને બગાડવાની સતત કોશિશ કઈ બાજુથી થઈ રહી છે ? વધારે નહીં, કેવળ વરસભરનાં હિંદી હફતરોઝા (અઠવાડિક) "પંજ જનીયા" નઈ દિલ્હી તથા અંગ્રેજી સાપ્તાહિક "ઓર્ગેનાઈઝર"નો અભ્યાસ કરી લેવામાં આવે તો વાસ્તવિક સ્થિતિ ઉઘાડી થઈ જશે. આર. એસ. એસ. નાં આ બંને મુખપત્રો દરેક અંકમાં ઈસ્લામ, કુર્આન તથા હિંદના મુસ્લિમો વિરૂધ્ધ ઝેર ઓકતા રહેવાનું તથા તેનો ઈતિહાસ વિકૃત કરતા રહેવાને પોતાની ફરજ સમજે છે.

હિંદુસ્તાન મુસલમાનો માટે નવો દેશ નથી પણ સદીઓથી તેઓ અહીં જીવન વ્યતિત કરી રહ્યા છે. કુર્આન હિંદુસ્તાન માટે કોઈ નવી કિતાબ

નથી પણ સદીઓથી એનો પૈગામ અહીં ગુંજી રહ્યો છે અને કરોડો મુસલમાનોના સીનામાં આ કુર્આન સુરક્ષિત છે, હજારો કુર્આનના હાફિઝો, હજારો આલિમો અને નમાઝી રાત દિવસ તેની તિલાવત કરીને (પઢીને) પોતાનો રૂહાની (આધ્યાત્મિક) ખોરાક પ્રાપ્ત કરે છે. આ કુર્આન હિંદુસ્તાની છે ન એશિયન કે આફ્રિકન કે અમેરિકન છે. આ માનવનું નહીં રબ તઆલાનું કલામ (વાણી) છે. એની વિરૂધ્ધ કોઈ પણ શબ્દ પ્રહાર તથા અંગુલી નિર્દેશ ન કાલે એનું કંઈ બગાડી શકેલ છે ન આજે એને જરા પણ ધ્યાન આપવા લાયક સમજવામાં આવી રહ્યું છે અને ન કિયામત સુધી તેને કુર્આન સુધી પહોંચવાનો કોઈ માર્ગ મળી શકશે. આ એક અટલ અને સિધ્ધ હસ્ત હકીકત છે અને એ જ અલ્લાહનું આયોજન તથા મરજી પણ છે.

બંધારણના ધોરણે મુસ્લિમ તથા ગૈર મુસ્લિમ સર્વ હિંદુસ્તાની નાગરિકો આપસમાં શાંતિપૂર્ણ જીવનના પાબંદ છે. આજની દુનિયા આંતર રાષ્ટ્રિય કાયદા હેઠળ પોતાની કોશિશો સક્રિય રાખી શકે છે. દેશના તથા આંતર રાષ્ટ્રિય કાનૂનોની વિરૂધ્ધ વર્તન દરેકના માટે નુકસાનકર્તા છે. ધોકો તથા કરારભંગ મુસલમાનોના માટે ધામિર્ક રીતે નાજાઈઝ તથા હરામ છે. શાંતિ ભંગ અને દેશના કાનૂનના ભંગનો જુર્મ સામુહિક રીતે ન તેઓ કરે છે અને ન તો એને પસંદ કરે છે.

આર. એસ. એસ., વિહિપ, બજરંગ દળ જેવી ઉગ્રવાદી સંસ્થાઓના હિંદુત્વએ હિંદુત્વને પણ આજે પોતાનો કેદી બનાવીને તેને નફરત તથા તુચ્છકાર, ઉશ્કેરાટ તથા ધાંધલવૃત્તિ, ગૈર વ્યવસ્થા અને લાકાનૂનિયત (કાયદાહિન), બેઉસૂલી તથા લાંચખોરી અને જુલ્મ તથા સખ્તીનો પ્રતિનિધિ બનાવી દીધેલ છે. તેઓ પોતાના હિંદુત્વની જુલ્મી વિચારસરણી તથા કટ્ટરવાદી રવિશ થકી કેવળ હિંદુસ્તાન નહીં બલ્કે ખૂદ પોતાના ધર્મને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે અને પોતાના અર્વાચીન હિંદુત્વ થકી પૂરાણા હિંદુત્વને દા'વ પર લગાડીને તેને મુસલમાન તથા ઈસાઈઓની વિરૂધ્ધ પોતાની સતત જુલ્મી ચળવળ ચલાવતા રહેવાના આદી બનાવી રહ્યા છે જેનું મૂળ હિંદુત્વના આ પ્રકારનાં ખયાલો તથા વિચારસરણી





છે જેમને આર. એસ. એસ. ની એક અમાનવીય વિચારસરણી અને તેના ઉગ્રવાદનો એક ભયાનક નમૂનો ઠરાવી શકાય છે :–

"કોઈ ગૈર હિંદુ કેવળ એ શરત પર હિંદુસ્તાનમાં રહી શકે છે કે તે હિંદુઓનો આજ્ઞાંક્તિ બનીને રહશે. કોઈ છૂટ છાટ ન ઈચ્છે અને ન કોઈ પ્રકારના હક્કોની માંગણી કરે એટલે સુધી કે પાયાના નાગરિકત્વના હક્કો પણ નહીં. આ રીતે મુસલમાનો તથા ઈસાઈઓએ સંપૂર્ણપણે હિંદુઓની દયા તથા કૃપા પર રહેવું જોઈએ. *(We and our Nation-શ્રી ગોલવાલકર)*

સંઘ પરિવાર પોતાની અંદરની આ ખરાબી ભરી તથા અમાનવીય હરકતની વિરૂધ્ધ કોઈ સુધારણાની ચળવળ ચલાવવાના માટે કદી સામે નથી આવ્યો કે **શુદ્રો, દલિતો, નીચી જ્ઞાતિઓનું હજારો વર્ષોથી શોષણ કરવાવાળી સુવર્ણ જ્ઞાતિ (ઉચ્ચ જાતિ) કમસે કમ હવેથી તો તેમને માનવ સમજે અને તેમનું અપમાન તથા બેઈજ્જતીથી રોકાય જાય.** હાલમાં હરિયાણાના ઝજર ઈલાકામાં ઓકટોબર–૨૦૦૨ માં અમુક ગાયોનું ચામડુ ઉતારવાના આક્ષેપમાં સુવર્ણ જ્ઞાતિએ દલિતો પર હુમ્લો કરીને પાંચ દલિતોને જાનથી મારી નાખ્યા જેનાથી નારાજ થઈને કેટલાયે દલિતોએ પોતાનો ધર્મ બદલી નાખ્યો છે. સિતમ પર સિતમ એ છે કે એ જ પ્રસંગ પર ચર્ચા કરતાં વિ☐ હિંદુ પરિષદે કહ્યું કે ગાયની કદરો કીમત ઈન્સાની પ્રાણથી વિશેષ છે. જેનો સીધો અર્થ એ થયો કે દલિતો મરતા હોય તો મરે પણ ગાય પર કોઈ આંચ ન આવવી જોઈએ.

હિંદુસ્તાનની અંદર હજારો એવાં મંદિરો છે જેમાં દલિતોએ દાખલ થવાની મનાઈ છે. ઓક્ટોબરનો જ એક બીજો પ્રસંગ ચકવાળ જિ. જયપુર–રાજસ્થાનનો છે જ્યાં સામુહિક રીતે દલિતોએ એક મંદિરમાં ઘુસવાની કોશિશ કરી તો સુવર્ણ જાતીએ તેમના પર લાઠી ડંડા વડે હુમલો કરીને કેટલાયને સખત ઘાયલ કરી આપ્યા. ઈ.સ. ૧૯૮૬ માં નાથદ્વારા મંદિર રાજસ્થાનમાં પ્રવેશ કરવાની એક ચળવળ ચાલી તો દલિતોની ઉપર પગરખાં, પથ્થર વરસાવવામાં આવ્યા. મહારાષ્ટ્રના એક મંદિરની સીડીઓ

પર આજથી દસ વર્ષ પહેલાં એક દલિત પોલિસમેન મૂશળધાર વર્ષાથી બચવા માટે ચડી ગયો તો ગોળી મારીને તેને મારી નાખવામાં આવ્યો. શુદ્રો અને દલિતોને હજારો મંદિરોમાં ઘુસવાની ઈજાઝત ન આપવી એ ધાર્મિક તથા વંશિક આધાર પર જ તો છે ? પોતાની આ વંશિક આભડછેડ, માનવતા દુશ્મની અને પોતાની પૂરાણી ધાર્મિક સૂચનાઓ તથા રિવાજોના પરિણામે વર્તમાનકાળમાં ચાલતા આ જુલ્મભર્યા ભેદભાવને સંઘ પરિવાર કઈ દ્રષ્ટિએ જુએ છે ?

મંદિરોમાં પ્રવેશના સંબંધે ૨૦ મી સદી ઈસ્વીનો ઈતિહાસ તો એ દર્શાવે છે કે ૭૫ વરસ પહેલાં ડો. ભીમ રાવ અંબેડકરે કાલારામ મંદિર નાસિક (મહારાષ્ટ્ર)માં દલિતોના પ્રવેશની એક ચળવળ છેડી હતી અને દલિતોના માટે સુવર્ણ જાતીએ મંદિર પ્રવેશની જાહેરાત કરી આપી હતી, પણ તેઓ ફરી પોતાના વાયદાથી ફરી ગયા ! એનાથી ડો. અંબેડકરને ઘણુ જ દુઃખ તથા સદમો લાગ્યો હતો. તેમણે સમજી લીધું કે **સુવર્ણો કદાપિ દલિતોને પોતાના ધર્મ તથા સમાજમાં સમાનતાનો દરજ્જો આપી શકશે નહીં.** ભગ્ન હૃદયે ઈ.સ. ૧૯૨૭ માં દલિત મંદિર પ્રવેશ ચળવળ ડો. અંબેડકરે હમેશાંના માટે ત્યજી દીધી.

એક પ્રસંગે ડો. અંબેડકરે કહ્યું કે, "આ દેશમાં અંગ્રેજોની કેટલીયે એવી કલબો છે જેની બહાર એવું બોર્ડ લાગેલું કે હિંદુસ્તાનીઓ અને કૂતરાઓને એમાં પ્રવેશવાની પરવાનગી નથી. હિંદુસ્તાનીઓમાં ખુદ્દારી છે એટલે એવી કલબોની નજીક જવાનું ખૂદ તેમણે યોગ્ય નથી જાણ્યું. અમારામાં પણ ખુદ્દારી છે એટલા માટે અમે એવા મંદિરોમાં જવું ખૂદ પસંદ નથી કરતા જેના દરવાજા અમારા માટે હજાર વર્ષોથી બંધ છે."

ઈસ્લામ તો એવું કહે છે કે સર્વ માનવો આદમની ઔલાદ છે. કેવળ પોતે પોતાને ઉચ્ચ વંશવાળા સમજીને ગર્વ કરવો અને અન્યોની તૌહીન તથા અપમાન કરવાને તે નાજાઈઝ કહે છે. એકબીજા પર ઉત્તમતાનો આધાર કેવળ ખુદાનો ખૌફ તથા ડર રાખવા પર છે. (જે જેટલો વધારે ખુદાથી ડરનાર તે તેટલો વધારે મર્તબાવાળો) ખાનદાન અને કબીલા (કુટુંબ) તો ઓળખના માટે છે.





"અને તમને શાખો તથા કબીલામાં કર્યા કે આપસમાં પહેચાન ધરાવો. બેશક ! અલ્લાહના ત્યાં તમારામાં અધિક ઈજ્જતવાળો તે છે જે તમારામાં પરહેઝગાર છે. બેશક ! અલ્લાહ અલીમ તથા ખબીર (ઈલ્મવાળો તથા ખબરવાળો) છે." *(આયત–૧૩, સૂરએ હુજુરાત, પારા–૨૬)*

હજ્જતુલ વિદાઅના પ્રવચનમાં મક્કાની ફતહ (જીત) વખતે ઈસ્લામના પયગંબર મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે :–

"સાંભળી લો ! તમારો રબ (માલિક) એક છે અને તમારો બાપ એક છે, કોઈ અરબીને કોઈ અજમી (અરબ સિવાયના) પર, કોઈ અજમીને કોઈ અરબી પર, કોઈ ગોરાને કોઈ કાળા પર, કોઈ કાળાને કોઈ ગોરા પર કોઈ ઉત્તમતા નથી, પણ કેવળ તકવા (ખુદાનો ડર)થી." *(મુસ્નદે ઈમામ અહમદ)*

આ મક્કાની ફતહ (વિજય)ના દિવસે ઈસ્લામના પયગંબર મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ પણ ફર્માવ્યું :–

"તમામ પ્રશંસાઓ અલ્લાહના માટે જ છે જેણે તમારામાંથી અજ્ઞાનતાનું અભિમાન અને બાપ દાદા પર ગર્વ તથા ઘમંડ કરવાને ખતમ કરી નાખ્યું. લોકો બે જ પ્રકારના છે; કયાં તો નેક તથા પરહેઝગાર અને અલ્લાહને ત્યાં ઈજ્જતવાળા અથવા બદ્કાર, બદ્બખ્ત અને અલ્લાહને ત્યાં ઈજ્જત વિનાના. સર્વ માનવો આદમની ઔલાદ છે અને અલ્લાહે આદમને માટીથી પેદા કર્યા છે." *(તિર્મિઝી)*

મુસલમાનોને ઝઘડાળુ અને કાતિલ બનાવવાનો આક્ષેપ કુર્આન પર લગાડનારા તેની ચોવીસ આયતોને દૂર કરવાની માંગણી કરવાવાળા શું ગોલવાલ્કર અને પોતાના એ જ પ્રકારના લીડરોની પેદા કરેલ વિચારસરણી તથા બળપ્રયોગનું અયોધ્યાથી ગુજરાત સુધી પ્રદર્શન નથી કરી રહ્યા ?! અને તેઓ શું આ સવાલનો જવાબ આપવાની હિંમત પોતાનામાં કેળવી શકે છે કે હિંદુસ્તાનમાં મુસલમાનોના આગમનથી સદીઓ અગાઉ અસંખ્ય બૌધ્ધસાધુઓ અને બૌધ્ધો વિરૂધ્ધ આયોજનબધ્ધ હુમ્લા કરીને તેમને હિંદુસ્તાનથી બહાર શા માટે કરી દીધા ? અને જબરદસ્ત પ્રમાણમાં

બૌધ્ધોની કત્લેઆમ કરીને તેમનો દેશનિકાલ શા માટે કરવામાં આવ્યો ?

સંઘ પરિવારે પોતાનામાંની સામાજિક અસમાનતા, છૂત અછૂત અને હજારો વરસોથી દલિતોના શોષણ પ્રતિથી આમ લોકોનું ધ્યાન હટાવવાના માટે ઈસ્લામ અને કુર્આનને નિશાનો બનાવી રાખેલ છે. તેની આ ચાલ હિંદના મુસ્લિમો સારી રીતે સમજી રહ્યા છે. દલિતોની ઉભરાઈ રહેલી રાજકિય શક્તિ અને તેમની જાગૃતિને હવે દબાવી શકાશે નહીં. તેમને તેમનો બંધારણિય તથા માનવિય અધિકાર તથા હક્ક મળવો જોઈએ અને ઈસ્લામ તથા કુર્આને અદલો ઈન્સાફ અને માનવ સમાનતાનો પાઠ આપ્યો છે તેનાથી રોશની મેળવીને હિંદુસ્તાનને જન્નત નિશાન બનાવવું જોઈએ. કુર્આનમાંથી કાંઈ કાઢવાનું નહીં બલ્કે જુલ્મ તથા નાઈન્સાફી તથા માનવિય અસમાનતાને હિંદુસ્તાનમાંથી કાઢવાનો સમય આવી ચૂકયો છે. એ જ સમયની પુકાર છે, એ જ ઈસ્લામની તા'લીમ છે અને એ જ કુર્આનનો પૈગામ છે. *–(તંત્રીલેખ, કન્ઝુલ ઈમાન, માસિક–દિલ્હી, ડિસેમ્બર–૨૦૦૨, વધારા સાથે)*


**★ ૧૩૦ રૂા. M.O. કરીને આજે જ મંગાવો ! ★**

દરેક ઘરમાં ભાઈઓ તથા ખાસ મા બહેનોએ વાંચવા લાયક કિતાબ.....

**જન્નતી ઝેવર** (ગુજરાતીમાં, પેજીસ–૬૧૨)

**લેખક** : હઝરત કિબ્લા શૈખુલ હદીષ અબ્દુલ મુસ્તફા સાહબ આઝમી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : મુફતીએ કચ્છ હઝરત મૌલાના સૈયદ અલ્હાજ અહમદશાહ હાજી મિયાં બુખારી કાદરી

જીવન જરૂરી સર્વ મસાઈલ નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત અખ્લાકિયત, અમલિયાત, ઈસ્લામિયાત, નેક ઔરતોનું વર્ણન વગેરેથી ભરપૂર માહિતીપૂર્ણ કિતાબ છે. જે ઘરમાં હોવી જરૂરી છે.

**★ પ્રાપ્તિ સ્થાન ★**

**રઝવી કિતાબ ઘર**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
ફોન નં. (૦૨૬૪૨) ૨૮૨૭૯૨

**સાલેહા ડ્રેસીસ**
ભીડ બજાર, પાંજરાપોળ સામે
માંડવી–કચ્છ
ફોન નં. (૦૨૮૩૪) ૨૩૦૪૮૯




ચોવીસ આયતોનો કુર્આની ભાવાર્થ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# ઈસ્લામી જેહાદનો વાસ્તવિક ભાવાર્થ

માનવ વંશના દુનિયામાં અસ્તિત્વથી જ ભલાઈ તથા બુરાઈ, હક્ક તથા બાતિલ અને નૂર તથા અંધકારની લડાઈ ચાલુ જ રહી છે અને આ પૃથ્વીનું પટ એ બંને પ્રશંસનીય તથા નિંદનીય ખાસિયતોની યુધ્ધ ભૂમી છે. એકબીજા પર સરસાઈ મેળવવાની હરિફાઈ તથા કોશિશનો આ ક્રમ દુનિયાના અસ્તિત્વ સુધી ચાલુ રહેશે. સન્માર્ગ તથા ગુમરાહી બંનેના સમર્થકો તથા ઝંડાધારીઓ પોત પોતાને માર્ગે ચાલતા રહેશે અને પોતાના માર્ગની આડસોને હટાવવામાં તેમની શક્તિઓ ખર્ચાતી રહેશે. તેમને આ કામથી આજ સુધી ન કોઈ રોકી શકયું અને ન રોકી શકાશે. કેમ કે અલ્લાહની મરજી જ કાંઈક એવી છે કે માનવનું સર્જન કરીને આ આલમે અસબાબ (સબબોની દુનિયા)માં નેક તથા બુરા, સારા તથા નરસાની પસંદગીનો તેણે તેને અધિકાર આપી દીધો છે. પોતાની પ્રકૃતિ તથા ખાસિયતના હિસાબે દરેક માણસ પોતાના માટે નેક નસીબી કે બદ્નસીબીની પસંદગી કરે છે અને પછી તે એના જ પ્રમાણે દુનિયા તથા આખેરતમાં બદલો તથા શિક્ષાનો હકદાર બને છે.

હક્ક તથા સદાકત (સત્ય)ની તબ્લીગ (પ્રચાર)નો ફરીઝો અંજામ આપનાર અંબિયા તથા મુરસલીન علیہم السلام જેના આગમનનો ક્રમ હઝરત આદમ علیہ السلام થી લઈને હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર ખત્મ થઈ ગયો. તેમની રહમત તથા મહેરબાની, શાંતિ પ્રિયતા સમાધાન વૃત્તિ, ભલાઈની ભાવના, અને ઈન્સાની હમદર્દી તથા ગમગુસારી આખી સૃષ્ટિના માટે સરદારીનો ઉસૂલ ધરાવે છે. તેમણે અલ્લાહનો પૈગામ તેની મખ્લૂક સુધી પહોંચાડવા અને તેને સન્માર્ગે ચલાવવાના માટે પોત પોતાનાં જીવન ખર્ચી નાખ્યાં. અખ્લાક તથા કિરાદર અને તદબીર તથા હિકમતના તે ઉચ્ચ પયકર (મૂરત) હતા છતાં તેમને અસંખ્ય મુશ્કેલીઓ અને રુકાવટોનો સામનો કરવો પડયો. અમુક એવા પ્રસંગો તથા વળાંકો

પણ આવ્યા કે કુટેવવાળા તથા બુરાઈ પસંદ લોકોની સાઝિશોના મુકબલામાં તેમણે સખ્ત ફૈસલા લેવા પડયા અને જીભને બદલે બળ તથા તલ્વારનો સહારો લેવો પડયો. યુધ્ધના મેદાનમાં આવીને તેમણે શિર્ક તથા કુફ્ર અને બુરાઈની તાકત સાથે જંગ કરવી પડી. પોતાની બહાદુરી તથા હિંમતનાં તેમણે જૌહર પણ દેખાડયાં અને શહાદતના દરજાથી સરફરાઝ પણ થયા. આ જ ઈતિહાસ અને આ જ જેહાદનો અમલ છે, અને અંબિયા તથા મુરસલીન عَلَيْهِمُ السَّلَام ની બેહતરીન સુન્નત છે.

કુર્આન હકીમ ઈર્શાદ ફર્માવે છે :–

"અને ઘણા અંબિયાએ જેહાદ કર્યો. તેમની સાથે અસંખ્ય સંખ્યામાં અલ્લાહવાળા હતા તો તેઓ અલ્લાહની રાહમાં પેશ આવનારી મુસીબતોથી ન સુસ્ત પડયા ન કમજોર થયા ન દબાયા." *(પારા–૪, સૂરએ આલે ઈમ્રાન, આયત–૧૪૬)*

જેહાદ ઉમ્મતે મુહમ્મદિયહ્ પર પણ ફર્ઝ કરવામાં આવી છે. ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની જાતે ખૂદ જેહાદ ફર્માવ્યો. તેમના સહાબાએ પણ જેહાદ કર્યો અને આ જેહાદનો હુકમ કુર્આનના અયન મુતાબિક છે. જેમ કે તેનો ઈર્શાદ છે :–

"હે નબી ઈમાનવાળાઓને જેહાદની પ્રતિ આકર્ષો." *(પારા–૧૦, સૂરએ અન્ફાલ, આયત–૬૫)*

બીજી જગ્યાએ ઈર્શાદ છે :–

"હે નબી ! કાફિરો તથા મુનાફિકો સાથે જેહાદ અને તેના પર સખ્તી કરો." *(પારા–૨૮, સૂરએ તહરીમ, આયત–૯)*

"તમારા પર પણ અલ્લાહના માર્ગમાં જેહાદ કરવું ફર્ઝ કરવામાં આવ્યું." *(પારા–૨, સૂરએ બકરહ, આયત–૨૧૬)*

આ જેહાદ કેવળ અલ્લાહની રાહમાં છે, તેની ખુશ્નૂદી (રાજીપા)ના માટે છે. પોતાની જાત, પોતાની હુકૂમત, પોતાની ખ્યાતિ અને માલે ગનીમતના માટે નહીં. જેમ કે ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે જેહાદ તે જ છે જે હક્ક વાતની





સરબુલંદીના માટે હોય, દુનિયા પ્રાપ્તિ માટે ન હોય.

અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ બયાન કરે છે : એક શખ્સ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયો અને તણે અર્ઝ કરી, "માણસ માલે ગનીમતના અને નામના મેળવવા માટે તથા બહાદુરી દેખાડવા માટે લડે, એમાં અલ્લાહની રાહમાં લડનાર કોણ છે ?"

આપે ઈર્શાદ ફર્માવ્યો :–

"અલ્લાહની રાહમાં જેહાદ કરનાર તે જ છે જે સત્ય વાતની સરબુલંદીના માટે લડે છે." *(સહીહ બુખારી)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જંગના મેદાનમાં જેહાદ માટે આગળ વધવાના બારામાં ફર્માવે છે કે, "દુશ્મન સાથે મુકાબલાની તમન્ના ન કરો."

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ બયાન કર્યુ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"દુશ્મન સાથે સામનાની તમન્ના ન કરો, પરંતુ જ્યારે તમારો તેમનાથી સામનો થઈ જાય તો અડગ રહો." *(સહીહ બુખારી)*

જેહાદમાં જરૂરતના સમયે ઔરતોનો સમાવેશ પણ છે. હઝરત આઈશા, હઝરત ઉમ્મે સલૈમ, હઝરત ઉમ્મે સલીત વગેરે ગઝવએ ઓહદમાં શરીક હતાં. મશકોમાં પાણી ભરી ભરીને લાવતાં હતાં અને તરસ્યાઓને પીવડાવતાં હતાં, ઝખ્મીઓની પાટાપિંડી કરતાં હતાં.

રુબયઅ્, બિન્તે મુઅવ્વિઝ વર્ણન કરે છે :–

"રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે અમે સ્ત્રીઓ જેહાદમાં જતી હતી, ગાઝીઓને પાણી પીવડાવતી હતી, તેમની સેવા ચાકરી કરતી હતી, ઝખ્મીઓ અને શહીદોને ઉઠાવીને મદીના લાવ્યા કરતા હતી." *(સહીહ બુખારી)*

કોઈ પણ રીતે મુજાહિદોની મદદ કરવી જેહાદનો જ એક ભાગ છે. ઝૈદ ઈબ્ને ખાલિદ વર્ણવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"જે શખ્સ અલ્લાહના માર્ગમાં જેહાદ કરનારા માટે કાંઈ સામાન પૂરો પાડે તેણે જાણે ખૂદ જેહાદમાં ભાગ લીધો. અને જેણે અલ્લાહની રાહમાં

જેહાદ કરવાવાળાના ઘરબારની કાળજી રાખી તે પણ એ જેહાદ કરનારની જેમ છે. *(સહીહ બુખારી)*

જેહાદનો એક પહેલો અને છેલ્લો હેતુ અલ્લાહની રઝા (રાજીપો) છે. જેનો સબક આપણને રસૂલુલ્લાહ ﷺ ની આ કાર્યપધ્ધતિથી મળે છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنهما વર્ણન કરે છે :–

નબી કરીમ ﷺ જ્યારે જેહાદથી પાછા આવતા તો ત્રણવાર તકબીર (અલ્લાહુ અકબર) કહેતા પછી કહેતા :–

"અમે અલ્લાહના હુકમથી એ રીતે પાછા ફર્યા કે તૌબા કરનારા છીએ, ઈબાદત કરનારા છીએ, આપણા રબની હમ્દ બયાન (ખુદાના વખાણ) કરનારા છીએ અને તેના માટે સજદો કરવાવાળા છીએ. અલ્લાહે પોતાનો વાયદો સત્ય કરી દેખાડયો, પોતાના બંદાની મદદ કરી અને દુશ્મનને હાર આપી." *(સહીહ બુખારી)*

જેહાદ પછી અમ્નો સલામતી તથા માનવતા સાથે દોસ્તીનો એક ઉજ્જવળ ઐતિહાસિક નમૂનો તે છે જેને બીજા ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه એ બૈતુલ મુકદ્દસ પર જીત મેળવ્યા બાદ રજુ કર્યો. યેરૂશલમના માટે તેમણે આ સલામતીનામુ બહાર પાડયું :–

"અલ્લાહના બંદા ઉમરે જે અમીરુલ મો'મિનીન છે યેરુશલમવાસીઓને આ અમાન આપી :– તેમની જાન માલ, તેમની ઈબાદતગાહો અને સલીબો (ક્રોસ) માટે અમાન છે. તેમની આખી જાતિના લોકો ચાહે તેઓ તંદુરસ્ત હોય કે બીમાર સૌને અમાન છે. તેમની ઈબાદતગાહોને ન રહેઠાણ તરીકે વાપરવામાં આવશે ન તેને તોડી પાડવામાં આવશે. ઈબાદતગાહો અને તેના સંકુલોને ન તેમના ક્રોસોને ન તેમનાં માલોને કાંઈ નુકસાન પહોંચાડવામાં આવશે. ન તેમના ધર્મમાં કોઈ બળ કે જબરદસ્તી કરવામાં આવશે, ન તેઓમાંથી કોઈને કાંઈ ઈજા પહોંચાડવામાં આવશે." *(તારીખે તિબરી)*

અમ્ન તથા જંગ બંને હાલતોમાં જુલ્મ તથા જબરદસ્તીથી કુર્આને હકીમે ઈમાનવાળાઓને વારંવાર રોકેલા છે, નાહક કત્લ તથા ખૂનરેજીથી મના કર્યું છે. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–





"જે જાનની અલ્લાહે હુર્મત રાખી છે તેને નાહક કત્લ ન કરો." *(પારા–૮, સૂરએ અન્આમ, આયત–૧૫ તથા પારા–૧૫, બની ઈસ્રાઈલ, આયત–૩૩)*

"જેણે કોઈ જાન કત્લ કરી કોઈ જાનના બદલા સિવાય અથવા જમીનમાં કોઈ ફસાદ વિના તો જાણે તેણે સર્વ માનવોને કત્લ કર્યા. અને જેણે કોઈ જાનને મૌતથી બચાવી લીધી તેણે સર્વ માનવોને બચાવી લીધા." *(પારા–૬, સૂરએ માઈદા, આયત–૩૨)*

કોઈને આગમાં સળગાવવાની પણ સખ્ત મનાઈ છે. બે માણસોના વિશે રસૂલુલ્લાહ ﷺ એ પોતાનો હુકમ પાછો લેતાં ફર્માવ્યું કે આગથી જલાવવું કેવળ અલ્લાહના માટે ખાસ છે, એને એનો ઈખ્તિયાર છે. અબૂ હુરૈરહ્ رضي الله عنه એ વર્ણન કર્યું :–

રસૂલુલ્લાહ ﷺ એ અમને એકવાર એવું જણાવીને મોકલ્યા કે ફલાણા તથા ફલાણાને પામો તો બંનેને આગમાં સળગાવી દો ! અમે જ્યારે રવાના થવા લાગ્યા તો આપે ફર્માવ્યું, "મેં ફલાણા તથા ફલાણાના માટે હુકમ આપ્યો હતો કે તેમને આગમાં સળગાવી દેશો પરંતુ આગનો અઝાબ તો અલ્લાહ જ આપે છે એટલા માટે તે બંનેને પામો તો કત્લ કરી આપશો." *(સહીહ બુખારી)*

સ્ત્રીઓ તથા બાળકોને કત્લ કરવાથી પણ મના કરવામાં આવેલ છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنهما એ વર્ણવ્યું કે કોઈ ગઝવહ્માં એક સ્ત્રી કત્લ થયેલી જોવામાં આવી તો રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, "સ્ત્રીઓ તથા બાળકોને કત્લ ન કરવામાં આવે." *(સહીહ બુખારી)*

મજૂરોને કત્લ કરવાનું પણ મના કરવામાં આવેલ છે. હંઝલા અલકાતિબ رضي الله عنه એ વર્ણવ્યું. રસૂલુલ્લાહ ﷺ ની સાથે અમે લોકો એક જેહાદમાં ગયા. એક કત્લ થયેલી સ્ત્રી પાસેથી અમે પસાર થયા જેની આસપાસ ઘણા લોકો એકત્ર થયા હતા. આપને જોતાં જ લોકોએ માર્ગ આપી દીધો. આપે તેને જોઈને ફર્માવ્યું, "આ તે લડનાર દુશ્મનોમાં સામેલ ન હતી. ત્યારબાદ એક શખ્સના થકી કહેણ મોકલ્યું કે બાળકો તથા મજૂરોને કત્લ કરવામાં ન આવે." *(સુનને ઈબ્ને માજહ્)*

વૃધ્ધોના માટે પણ એ જ હુકમ છે. અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણન કરે છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે; ઘણા વૃધ્ધને તથા સ્ત્રીઓ, બાળકોને કત્લ કરવામાં ન આવે." *(અબૂ દાઊદ)*

ગોશાનશીન આબિદો (એકાંતમાં ઈબાદત કરનાર)નો પણ એ જ હુકમ છે. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ વર્ણન કર્યું :– "નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, બાળકો અને ગોશાનશીન (દુનિયાને ત્યજી દેનાર)ને કત્લ ન કરો." *(નીલુલ્ અવતાર)*

જેહાદના નિયમોમાં એ પણ સામેલ છે કે જાનવરોને મારવામાં ન આવે. હરી ભરી ખેતીઓ અને ફળદાર ઝાડોને બર્બાદ કરવામાં ન આવે. જે લોકો જંગમાં સામેલ નથી તેમને ઈજા ન પહોંચાડવામાં આવે. કોઈ કત્લ થયેલાનો ચેહરો બેડોળ કરવામાં ન આવે. લોકોની સાથે વચનભંગ તથા અપ્રમાણિક્તા ન કરવામાં આવે."

પ્રથમ ખલીફા હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ હઝરત યઝીદ ઈબ્ને અબી સુફયાનને શામ દેશ એક લશ્કર સાથે મોકલ્યા ત્યારે આ નસીહત કરી :–

"કોઈ ફળદાર ઝાડ ન કાપશો, કોઈ આબાદ સ્થળને વેરાન ન કરશો, ખજૂરનું ઝાડ ન કાપશો ન તેને ડૂબાડશો." *(મોઅત્તા ઈમામ માલિક)*

જેહાદની શરતો જ્યારે જોવા મળશે તે વખતે જેહાદ મુસલમાનો પર વાજિબ થશે. અને તે પણ એના પર જે જેહાદની શક્તિ ધરાવે છે. એના માટે શસ્ત્રસજ્જ વ્યક્તિઓ અને સર સામાનની તૈયારીની સાથે અમીર (સરદાર)નું પણ હોવું શર્ત છે. કોઈ દુશ્મન કૌમ કે દેશ કોઈ મુસ્લિમ દેશ અથવા મુસ્લિમ આબાદી પર હુમ્લો કરી આપે તો મુસલમાનના દીન તથા ઈમાન, ઈજ્જત તથા આબરૂ અને જાન માલની રક્ષાના માટે જેહાદની શરતો જોવા મળે એ સંજોગોમાં તેમના પર જેહાદ વાજિબ થશે. સમય તથા સંજોગોને અનુલક્ષીને જેહાદ કયારેક ફર્ઝે અયન થશે, એટલે કે દરેક મુસલમાને જેહાદમાં શરીક થવું પડશે અને કયારેક ફર્ઝે કિફાયહ્ એટલે કે અમુક મુજાહિદોનો જેહાદ સઘળા મુસ્લિમો તરફથી પૂરતો ગણાશે.

જે રીતે પ્રાણ સાથે જેહાદ કરવામાં આવે છે કે પ્રાણની કુર્બાની



ચોવીસ આયતોનો કુર્આની ભાવાર્થ

ખુદાના માર્ગમાં પેશ કરવામાં આવે છે. એ જ પ્રમાણે માલની કુર્બાની પણ છે કે જયાં જયાં અને જયારે જરૂર પડે પોતાનો માલ ખુદાના માર્ગમાં ખર્ચ કરવામાં આવે. જાન તથા માલ બંનેની સાથે જેહાદ કરવાનો વિવિધ ઠેકાણે કુર્આને હકીમમાં ઉલ્લેખ છે. એવા લોકોનો દરજ્જો ખૂબ જ ઉચ્ચ છે, તેમને ખુદા તઆલાની રહમતના હકદાર ઠરાવવામાં આવ્યા છે અને તેમની મગફેરતની બશારત (ખુશખબર) આપવામાં આવી છે.

જેહાદ તથા મુજાહિદાનું મૂળ "જેહદ" છે, જેનો અર્થ છે કોશિશ, મેહનત, પરિશ્રમ, જદ્દોજેહદ. અલ્લાહ તબારક વ તઆલાના માર્ગમાં એની તલબમાં એની રઝા (રાજીપા)ના માટે જે પણ જેહદ તથા મુજાહિદા જે પણ કોશિશ કરવામાં આવે તે મહમૂદ (પસંદીદા) તથા મુસ્તહસન છે. અને આવી જદ્દો જેહદ કરનારાઓના માર્ગો અલ્લાહ તથા વિશાળ કરી આપે છે. જેમ કે કુર્આન હકીમમાં છે :–

"અને જેમણે અમારા માર્ગમાં જેહાદ (કોશિશ) કરી, અમે તેમને જરૂર અમારા માર્ગો દેખાડીશું. અને અલ્લાહ નેકોકારોની સાથે છે." *(પાર–૨૧, સૂરએ મુમ્તહિના, આયત–૬૯)*

જેહાદ કેવળ તલ્વારથી જંગ કરવાનું નામ નથી. તેને સમજવા તથા સમજાવવામાં ઘણા લોકો ઠોકર ખાય જાય છે. એટલા માટે જરૂર છે કે જેહાદનો હકીકી ભાવાર્થ અને પછી તેની વિગતોને તીવ્ર દ્રષ્ટિ વડે જોવી જોઈએ. એને સમજવાના માટે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ હદીષનો અભ્યાસ કરો.

આઈશા બિન્તે તલ્હા વર્ણવે છે :– ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદીકા رضی اللہ عنہا એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એકવાર જેહાદમાં શરીક થવાની ઈજાઝત તલબ કરી. આપે ફર્માવ્યું, "તમારા સ્ત્રીઓ માટે શ્રેષ્ઠ જેહાદ હજ્જ કરવું છે." *(સહીહ બુખારી)*

માબાપની સેવામાં પણ જેહાદ છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ વર્ણન કર્યું :–

એક શખ્સ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં હાજર થયો અને તેણે જેહાદમાં હિસ્સો લેવાની રજા માંગી. આપે પૂછયું, શું તારાં માબાપ

જીવંત છે ? તેણે કહ્યું કે હા ! આપે ફર્માવ્યું, તેમની સેવા કરો એ જ તમારો જેહાદ છે. *(સહીહ બુખારી)*

મુઆવિયહ્ ઈબ્ને જાહિમા સલ્લમી رضی اللہ عنہ એ પણ એકવાર જેહાદમાં ભાગ લેવાની રજા માંગી તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને પ્રશ્ન કર્યો, શું તમારાં માતા જીવંત છે ? તેમણે કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે ઈર્શાદ ફર્માવ્યો, જાવ ! તમારાં માતાના પગોથી (ખિદમતમાં) લાગેલા રહો ! ત્યાં જ તમારી જન્નત છે. *(સુનને ઈબ્ને માજહ્)*

## ખુદાના માર્ગમાં જેહાદના કેટલાક પ્રકારોમાંના અમુક પ્રકારો

**(૧) જેહાદ બિલ કલ્બ (દિલ થકી જેહાદ) :** દિલને ગંદકીઓથી પાક સાફ રાખીને તેને પાકીઝા (પવિત્ર) ભાવનાઓ તથા એહસાસોનું કેન્દ્ર બનાવીને રાખવું **મહાન જેહાદ** છે. એ જ દિલના બારામાં રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"શરીરની અંદર એક એવો ટુકડો છે કે જો તે સહીહ છે તો આખુ શરીર સહીહ છે અને જો તે ખરાબ છે તો આખુ શરીર ખરાબ છે, તે ટૂકડો દિલ છે. *(સહીહ બુખારી)*

આ દિલ શરીરના અંગોનો રાજા છે. શરીરના જે હિસ્સાને સારો અથવા જેવો હુકમ આપશે તેના પર તે અમલ કરશે. એટલા માટે આ દિલની સુધારણા તથા દુરુસ્તગીનો જેહાદ દરેક મુસલમાન ઉપર જરૂરી છે.

**(૨) જેહાદ બિલ અક્લ (બુદ્ધિ થકી જેહાદ) :** ઈન્સાનને જાનવરથી અલગ કરનાર બુદ્ધિ ખતા તથા સવાબ અને સારા નરસાનો વૈચારિક તથા ખયાલોના ધોરણે ફેંસલો કરે છે. આ ત્રાજવા તથા માપદંડની યોગ્યતા તથા મધ્યમમાર્ગી હોવાની વ્યવસ્થા કરવી જેહાદનું એક મહત્વનું ક્ષેત્રે છે. એટલા માટે **તઅક્કુલ** તથા તદબીરની કુર્આન હકીમમાં ઠેકઠેકાણે તાકીદ પણ કરવામાં આવી છે.





**(૩) જેહાદ બિલ ઈલ્મ : (ઈલ્મ થકી જેહાદ) :** ઈલ્મના અલંકારોથી સજવું, એના પ્રમાણે ખૂદ અમલ કરવો અને અન્ય લોકોને એ માટેની દા'વત આપવી એ જેહાદનો એક અણમોલ ભાગ છે. એ ઈલ્મ જ અલ્લાહની ઓળખ (મઅરેફત)નો ઝરીયો છે. અને એ ઈલ્મ થકી જ ખુદાનો ડર અને તેની ખશિય્યત (ખૌફ) દિલની અંદર પેદા થાય છે. કુર્આને હકીમમાં જણાવવામાં આવ્યું છે કે અલ્લાહથી તેના તે જ બંદાઓ ડરે છે જેઓ ઈલ્મવાળા છે.

**(૪) જેહાદ બિલ લિસાન (જીભ વડે જેહાદ) :** જીભને નકામી વાણી તથા બિભત્સ વાતોથી બચાવીને એનાથી તે જ વાતો કહેવડાવવી જે હક્ક તથા સહીહ હોય, આ પણ એક મહાન જેહાદ છે. હિદાયત તથા માર્ગદર્શનના માટે હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم થી આજ સુધી એ જ જીભને વાત પ્રદર્શિત કરવાનો ઝરીયો અને પ્રચારનું માધ્યમ બનાવવામાં આવેલ છે. જીભની રક્ષા અને તેના યોગ્ય તથા હિકમતપૂર્ણ વપરાશના માટે લાંબા જેહાદ તથા મુજાહિદાની જરૂરત પડે છે.

**(૫) જેહાદ બિલ ખુલ્ક (વર્તન સાથે જેહાદ) :** સદ્વર્તાવ તથા સચરિત્રતા માનવ જિંદગીનું જૌહર (ઉમદા તત્વ) છે અને રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આખી જિંદગી કુર્આની અખ્લાકનો ઉત્તમ નમૂનો અને રોશન આઈનો છે. એટલા માટે નીચ અખ્લાકથી દૂર રહીને સારા અખ્લાક (સુસંસ્કાર)ના પયકર બનવું ઉમ્મતે મુહમ્મદિયહ્ માટે એક અમલી જેહાદ છે, જે અન્યોના માટે આકર્ષણ તથા ખેંચાણનો સબબ છે.

**(૬) જેહાદ બિલ કલમ (લખાણ થકી જેહાદ) :** લેખનવૃત્તિની ક્ષમતા ધરાવનારા માણસ પોતાની કલમ ઈલ્મી તથા ફિકી તથા અખ્લાકી અયબોથી મેહફૂઝ રાખી તેને કાબૂમાં રાખીને જેહાદનો મહત્વનો ફરીઝો અંજામ આપે, કલમની હુર્મત તથા મહાનતાનો એ જ તકાઝો છે. કલમ અને તેના લખાણનો કુર્આનમાં પણ ઉલ્લેખ છે.

તાકાત તથા સત્તાના પ્રભાવથી અંજાયા વિના સાચી વાત કહેવી અફઝલ જેહાદ છે. જેમ કે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જાલિમ હાકિમ (સત્તાધીશ)ની સામે હક્ક વાત કહેવી અફઝલ

જેહાદ છે. *(કન્ઝુલ ઉમ્માલ, અવ્વલ)*

અને સૌથી મોટો જેહાદ તો એ છે કે નફ્સની નાજાઈઝ માંગણીઓ તથા ખ્વાહિશો તથા મનેચ્છાઓનો પ્રતિકાર કરી તેને રદ કરીને ખૂદ પોતાના નફ્સ સાથે જેહાદ કરવામાં આવે. નફ્સની ખ્વાહિશોની સાથે માણસને રાત દિવસ પનારો પડે છે. નફ્સાનિયત સાથે તેને હર પલ ટકરાવાનું થાય છે એટલા માટે નફ્સના મુજાહિદાને સૌથી મહાન જેહાદ કહેવામાં આવેલ છે.

જાબિર رضی اللہ عنہ એ વર્ણન આપ્યું કે એક જેહાદથી પાછા ફરતી વેળા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાને સંબોધન કરતાં ફર્માવ્યું, તમારું પાછા આવવું મુબારક થાય, તમે નાના જેહાદથી મોટા જેહાદ પ્રતિ આવ્યા છો. **નફ્સાની ખ્વાહિશો (વાસનાઓ, મનેચ્છાઓ)**થી લડવું એ બંદાનો **મહાન જેહાદ** છે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–દોમ)*

માનવીનો નફ્સ તેનો સૌથી મહાન દુશ્મન છે, જે હક્કને પહેચાનવા તથા હક્ક બોલવા તથા ખુદાના માર્ગ સામે મહાન પથ્થર છે. એટલા માટે એની સાથે જેહાદ કરનાર સાચા અર્થમાં મુજાહિદ છે. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, મુજાહિદ તે છે જે અલ્લાહના મામલામાં ખૂદ પોતાના નફ્સ સાથે જેહાદ કરે અને મુહાજિર તે છે અલ્લાહની મના કરેલ વાતોથી દૂર થઈ જાય. *(કન્ઝુલ ઉમ્માલ, અવ્વલ)*

પોતાના નફ્સની સાથે જેહાદનો નમૂનો હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ના આ પ્રસંગ પરથી મળે છે જે ઈસ્લામી ઈતિહાસમાં ઘણો મશ્હૂર છે :–

જેહાદના મેદાનમાં એકવાર આપે એક કાફિરને પછાડયો અને તેની છાતી પર સવાર થઈ ગયા અને પોતાની તલ્વાર વડે તેનો કિસ્સો ખત્મ કરવા જ જતા હતા તેવામાં ગુસ્સાથી રાતોચોળ બનીને તે આપના મોઢા પર થૂંકયો. એ જોઈને આપે તેને છોડી મૂકયો અને તેને કત્લ કરવાનો ઈરાદો મુલ્તવી કરી દીધો. તો તે કાફિર આશ્ચર્યમાં ડૂબી ગયો અને વિચારવા લાગ્યો કે છેવટે અલી આવું શા માટે કરી રહ્યા છે ?! તેનાથી ન રહેવાયું તો તેણે આપને સવાલ કર્યો કે છેવટે તમે આવું શા માટે કર્યું ? અલી મુર્તઝાએ જવાબ આપ્યો, ખુદા તથા રસૂલનો દુશ્મન સમજીને મેં તને ખત્મ કરવાનો ઈરાદો કર્યો હતો, પરંતુ જ્યારે તેં મારા મોઢા પર થૂંકી દીધું તો હવે મારો





નફ્સ તેમાં સામેલ થઈ ગયો. અને હું મારા નફ્સના માટે નહીં બલ્કે અલ્લાહ વ રસૂલના માટે જેહાદ કરી રહ્યો હતો એટલા માટે મેં તારાથી હાથ રોકી લીધો.

વિવિધ હદીષોમાં આવ્યું છે કે કિયામતના દિવસે નમાઝ પછી કત્લ તથા ખૂનરેજીના બારામાં બંદાને સૌથી પ્રથમ સવાલ કરવામાં આવશે. ખુદા તથા રસૂલના માર્ગમાં ખુદા તથા રસૂલને રાજી કરવાના માટે તેણે કોઈનું લોહી વહાવ્યું હશે તો ઠીક છે નહીં તો જો નફસાની ખ્વાહિશોની પૂર્ણતા માટે અને દુનિયવી મકસદોના માટે નાહક કોઈની ખૂનરેજી કરી હશે તો ખુદાની બારગાહેથી તેને સખ્ત સજા મળશે.

અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ વર્ણન કરે છે : નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કિયામતના દિવસે એક વ્યકિત એક ખૂનીનો હાથ પકડીને લાવશે અને કહેશે, હે મારા રબ ! એણે મને કત્લ કર્યો હતો ! કાતિલને રબ્બે કાઈનાત પૂછશે, તેં એને શા માટે કત્લ કર્યો હતો ? તે કહેશે પરવરદિગાર ! તેને તો મેં તારી ઈજ્જત તથા અઝમતના માટે કત્લ કર્યો હતો. રબ ફર્માવશે, ઈજ્જત તો મારા જ માટે છે ! એક બીજી વ્યક્તિ એક કાતિલનો હાથ પકડીને લાવશે અને કહેશે કે પરવરદિગાર ! એણે મને કત્લ કર્યો હતો ! અલ્લાહ તઆલા તેને સવાલ કરશે, તેં એને શા માટે કત્લ કર્યો હતો ? તે કહેશે, મેં ફલાણા હાકિમની ઈજ્જતના માટે તેને કત્લ કર્યો હતો. રબ ફર્માવશે, ફલાણા માટે ઈજ્જત નથી. પછી કાતિલના માથે તેનો ગુનોહ થશે.

સારાંશ કે સહીહ અકીદા તથા માન્યતા, તંદુરસ્ત સાફ ચિંતનો તથા ખયાલોની સાથે વ્યક્તિગત તથા અંગત સ્વાર્થ તથા ખ્યાતિ તેમજ દેખાડો કરવાથી દૂર રહી નિઃસ્વાર્થપણે કેવળ અલ્લાહને રાજી કરવાની નિય્યતે દીને ફિતરત, હક્ક તથા સત્યતા, માનવિય બુઝુર્ગી તથા મહાનતા, ઉચ્ચ ચરિત્ર તથા કિરદાર અને અમ્નો સલામતીની સ્થાપ્ના માટે તથા તેને ઉત્તેજન આપવા માટે જ્યારે અને જે વખતે જે પણ જદો જેહદ (કોશિશ, પરિશ્રમ) કરવામાં આવે તેનું નામ જેહાદ છે અને એ જેહાદ કિયામત સુધી ચાલુ રહેશે. *(માસિક અંક, કન્ઝુલ ઈમાન–દિલ્હી, માર્ચ–૨૦૦૨ ઈ.સ.)*

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ